સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 03

[JAN - 2023]
[15/01/23 to 21/01/23]

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)



JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

## 15 JAN-2023


- દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day) ........ 02
- રિમોર્ટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM) ........ 02
- UGCએ વિદેશી યુનિવર્સિટીઓ માટે ડ્રાફ્ટ ધોરણો જાહેર કર્યા ........ 05
- ભારતનો શ્રીલંકા સામે વન-ડે ઈતિહાસનો સૌથી મોટો વિજય ........ 06
- QUESTION ANSWERS ........ 08


## 16 JAN-2023


- દિવસ મહિમા : 16 જાન્યુઆરી, નેશનલ સ્ટાર્ટઅપ ડે ........ 09
- નાબાર્ડના સ્ટેટ ફોક્સ પેપર 2023-24નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં વિમોચન કર્યુ ........ 09
- ડોપ્લર વેધર રડાર નેટવર્ક (Doppler Weather Radar Network) ........ 10
- અમેરિકા સુશ્રી બોની ગેબ્રિયલએ Miss Universe 2022નો તાજ જીત્યો ........ 11
- UN World Social Report 2023 ........ 12
- QUESTION ANSWERS ........ 13


## 17 JAN-2023


- ભારતનું પ્રથમ 5G સક્ષમ ડ્રોન : Skyhawk ........ 14
- સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક ........ 15
- એક્સોપ્લેનેટ (Exoplanet) ........ 15
- વાયકોમ 18એ મહિલા IPLના મીડિયા રાઈટ્સ 951 કરોડ રૂપિયામાં ખરીદ્યા ........ 17
- QUESTION ANSWERS ........ 18


## 18 JAN-2023


- RRRને બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મનો ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ મળ્યો ........ 19
- શુક્રયાન - 1 (Shukrayaan - 1) ........ 19
- QUESTION ANSWERS ........ 22


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 19 JAN-2023


- કોલ્લમ ભારતનો પ્રથમ બંધારણ સાક્ષર જિલ્લો બન્યો ........ 23
- IPS અધિકારી શ્રી પંકજ કુમાર સિંહને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ........ 23
- AK - 203 રાઈફલ ........ 24
- QUESTION ANSWERS ........ 26


## 20 JAN-2023


- વરુણ 2023 : ભારત અને ફ્રાન્સ વચ્ચેની દ્વિપક્ષીય નૌકા કવાયત ........ 27
- વુમનિયા ઓન નભ? પહેલ (Womaniya Initiative) ........ 27
- અમેરિકા અને શ્રીલંકા MAREX-2023 કવાયતનું આયોજન કરશે ........ 28
- શ્રી શુભમનગિલ વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ભારતનો યંગેસ્ટ પ્લેયર બન્યો ........ 28
- QUESTION ANSWERS ........ 30


## 21 JAN-2023


- દિવસ મહિમા : 21 જાન્યુઆરી, મણિપુર, મેઘાલય અને ત્રિપુરા સ્થાપના દિવસ ........ 31
- ભારત - માલદીવ ........ 31
- QUESTION ANSWERS ........ 33

ONE LINER ........ 34

QUESTION OF THIS WEEK ........ 39

## દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day)



દેશની સુરક્ષામાં કાર્યરત સૈનિકો તથા શહીદ જવાનોના સન્માનમાં ભારતમાં દર વર્ષે 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 15 જાન્યુઆરી, 1949ના રોજ ફીલ્ડ માર્શલ કે. એમ. કરિપ્પાએ ભારતના અંતિમ બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ જનરલ સર ફ્રાન્સિસ બુચર પાસેથી ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે ભારતે 75મો આર્મી ડે ઉજવાયો છે.

નોંધ: (1) ભારતીય સેના (Indian Army)નો Motto (આદર્શ વાક્ય) 'Service Before Self' છે.

(2) દર વર્ષે આર્મી ડે નિમિત્તે દિલ્હી ખાતે પરેડ યોજાય છે. પરંતુ આ વર્ષે સૌપ્રથમ દિલ્હી બહાર બેંગ્લુરુના MEG એન્ડ સેન્ટર પરેડ ગ્રાઈન્ડ ખાતે પરેડ યોજાઈ હતી. જેમાં આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ હાજરી આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM)

તાજેતરમાં ભારતના ચૂંટણી પંચે (ECI)એ 'રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન' (RVM) માટે એક પ્રોટોપાઈપ વિકસાવ્યો છે.

- જેનો હેતુ સમગ્ર ભારતમાં સ્થાનિક સ્થળાંતર કરનારાઓ માટે મતદાનની સુવિધા આપવાનો છે.
- RVMનો પ્રોટોટાઈપ ટૂંક સમયમાં રાજકીય પક્ષોને બતાવવામાં આવશે.
- અને જો સફળ થશે તો ઘરેલુ સ્થળાંતર કરનારાઓને તેમના વતન પાછા ગયા વિના મતદાન કરવાની મંજૂરી આપશે.
- RVM એક સ્ટેન્ડ–અલોન (એકલ) સિસ્ટમ હશે, જે ઈન્ટરનેટ સાથે જોડાયેલ નથી અને હાલના ઈલેક્ટ્રોનિક વોટિંગ મશિનો પર આધારિત છે.



- RVMનો ધ્યેય મતદારોની ભાગીદારી વધારવાનો અને સ્થાનિક સ્થળાંતર કરનારાઓ માટે ચૂંટણીમાં ભાગ લેવાનું સરળ બનાવવાનો છે.

## RVM શું છે ?

RVM એ બહુવિધ–મતવિસ્તારોનું ઈલેક્ટ્રોનિક વોટિંગ મશિન છે.

- જે એક દૂરસ્થ મતદાન મથકમાંથી 72 મત વિસ્તારોનું સંચાલન કરી શકે છે.
- તે સમય–પરીક્ષણ M3(માર્ક 3) EVM પર આધારિત છે. અને તેનો ઉપયોગ સ્થાનિક સ્થળાંતરો કરનારાઓ માટે દૂરસ્થ મતદાન મથકો પર મતદાનને સક્ષમ કરવામાં આવશે.
- RVMની વિશિષ્ટ વિશેષતા એ છે કે એક સિંગલ રિમોર્ટ બેલેટ યુનિટ (RBU) EVM પર સામાન્ય પ્રિન્ટેડ પેપર બેલેટ શીટને બદલે 'ડાયનેમિક બેલેટ ડિસ્પ્લે બોર્ડ'નો ઉપયોગ કરીને બહુવિધ મતવિસ્તારો (72)ને પૂરી કરી શકશે.
- બેલેટ યુનિટ ઓવરલે ડિસ્પ્લે (BUOD) મતદારના મતવિસ્તાર કાર્ડ પર વાંચેલા મતવિસ્તારના નંબરના આધારે જરૂરી ઉમેદવારોને બતાવશે.
- આ કાર્ડ વાંચવા માટે બારકોડ સ્કેનિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.
- મતદારની ઓળખ ચકાસ્યા પછી તેમના મતવિસ્તારના કાર્ડને જાહેર પ્રદર્શન સાથે વાંચવામાં આવશે જેમાં મતદારો વિભાગોની વિગતો અને ઉમેદવારો દર્શાવવામાં આવશે.
- તે RVMના RBUમાં BUOD પર ખાનગી રીતે પણ પ્રદર્શિત થશે.
- ત્યારબાદ મતદાર મતદાન કરશે અને દરેક મત વોટિંગ મશિનના કંટ્રોલ યુનિટમાં મતવિસ્તાર મુજબ સંગ્રહિત કરવામાં આવશે.
- RVMને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ECIL)ના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RVM સંબંધિત પડકારો

RVM સિસ્ટમને સફળતાપૂર્વક અમલમાં મૂકવા માટે ઘણા પડકારો અને વિચારણાઓ છે જેને સંબોધવામાં આવશ્યક છે તથા ચૂંટણી પંચની દરખાસ્તનો અમલ કરવો સરળ રહેશે નહીં.

- તેમના કેટલાક સ્પષ્ટ પડકારો છે જેમ કે..... સ્થાનિક સ્થળાંતરોની વ્યાખ્યા, આદર્શ આચાર સંહિતાનો અમલ, મતદાનની ગુપ્તતા સુનિશ્ચિત કરવી, મતદારોની ઓળખ માટે પોલિંગ એજન્ટોની સુવિધા, પ્રક્રિયા અને અન્ય મુદ્દાઓ વચ્ચે દૂરસ્થ મતદાનની પદ્ધતિ અને મતોની ગણતરી.
- 'લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1950 અને 1951', 'ચૂંટણીના આચાર નિયમો, 1961' અને 'મતદારની નોંધણીના નિયમો, 1960'માં પણ રિમોટ વોટિંગ દાખલ કરવા માટે સુધારો કરવાની જરૂર પડશે.

- અન્ય વિચારણાઓમાં દૂરસ્થ મતદાનની પદ્ધતિ, RUM ટેક્નોલોજી સાથે મતદારોની પરિચિતતા અને દૂરસ્થ મતદાન મથકો પર પડેલા મતોની ગણતરી અને પ્રસારણનો સમાવેશ થાય છે.

**નોંધ :** ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને રાજકીય પક્ષોને 16 જાન્યુઆરીએ RUMના પ્રદર્શન માટે આમંત્રિત કર્યા હતા અને 31 જાન્યુઆરી સુધીમાં કાયદા અને વહીવટી પ્રક્રિયાઓમાં જરૂરી ફેરફારો સહિત વિવિધ સંબંધિત મુદ્દાઓ પર પક્ષો પાસેથી લેખિત મંતવ્યો પણ માંગ્યા હતા.

## ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL)



ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ એ ભારત સરકારની માલિકીની એરોસ્પેસ અને ડિફેન્સ ઈલેક્ટ્રોનિક્સ કંપની છે.

- તે મુખ્યત્વે ભારતીય સશસ્ત્ર દળો માટે અદ્યતન ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે.
- તેને નવરત્નનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- તે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળનું જાહેર ક્ષેત્રનું ઉપક્રમ (PSU) છે.
- ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડની સ્થાપના વર્ષ 1954માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક કર્ણાટકના બેંગ્લોરમાં આવેલું છે.
- BEL ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) અને વોટર–વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT) પણ વિકસાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ECIL

ECILનું પૂરું નામ 'ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ' છે.



- તે અણુ વિભાગ હેઠળની ભારત સરકારની એન્ટરપ્રાઈઝ છે.
- તેની સ્થાપના 11 એપ્રિલ, 1967ના રોજ હૈદરાબાદ ખાતે એ.એસ રાવ દ્વારા કરવામાં આવી હતી.
- તેની સ્થાપના ઈલેક્ટ્રોનિક્સમાં મજબૂત સ્વદેશી આધાર બનાવવા માટે કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક હૈદરાબાદ ખાતે આવેલું છે.

# UGCએ વિદેશી યુનિવર્સિટીઓ માટે ડ્રાફ્ટ ધોરણો જાહેર કર્યા

તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)એ ભારતમાં વિદેશી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસની સ્થાપના અને સંચાલન માટેના ડ્રાફ્ટ નિયમોની જાહેરાત કરી હતી.

## UGC દ્વારા જાહેર કરાયેલ ડ્રાફ્ટ ધોરણો શું છે ?

વિશ્વભરની ટોચની 500 યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી અથવા વિદેશી શૈક્ષણિક સંસ્થા જે તેના વતનમાં સારી સ્થિતિમાં છે તે ભારતમાં કેમ્પસ સ્થાપના માટે UGCને અરજી કરી શકે છે.

- UGC દ્વારા નિયુક્ત સ્થાયી સમિતિ અરજી પર વિચાર કરશે અને સંસ્થાની વિશ્વસનીયતા, પ્રસ્તાવિત કાર્યક્રમો, તેની સંભવિતતાનું મૂલ્યાંકન કર્યા પછી 45 દિવસની અંદર તેની ભલામણો સબમીટ કરશે.
- ત્યારબાદ UGC બે વર્ષમાં ભારતમાં કેમ્પસ ખોલવા માટે આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીને 45 દિવસની અંદર પ્રાથમિક મંજૂરી આપી શકે છે.
- પ્રારંભિક મંજૂરી 10 વર્ષ માટે હશે, જેને વધારી શકાય છે.
- તેને ભારત અને વિદેશમાંથી ફેકલ્ટી અને સ્ટાફની ભરતી કરવાની સ્વાયતતા પણ હશે.
- અભ્યાસક્રમો ઓનલાઈન અને ઓપન તથા ડિસ્ટન્સ એજ્યુકેશન મોડમાં ચલાવવામાં આવશે નહીં.
- ભારતીય કેમ્પસમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ડિગ્રીઓ તેમના મૂળ દેશની સંસ્થાઓ દ્વારા એનાયત કરવામાં આવેલી ડિગ્રીની સમકક્ષ હોવી જોઈએ.
- આવી યુનિવર્સિટીઓ અને કોલેજો ભારતના રાષ્ટ્રીય હિત અથવા ભારતમાં ઉચ્ચ શિક્ષણના ધોરણોને જોખમમાં મૂકે તેવા અભ્યાસનો કોઈ કાર્યક્રમ આપી શકાશે નહીં.
- વિદેશી યુનિવર્સિટીઓને પેરેન્ટ કેમ્પસમાં ભંડોળ પરત મોકલવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
- ભંડોળની ક્રોસ બોર્ડર હિલચાલ અને વિદેશી ચલણ ખાતાની જાળવણી, ચૂકવણીની રીત, રેમિટન્સ, પ્રત્યાવર્તન વગેરે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) 1999 અને તેના નિયમો અનુસાર થશે.
- તેની પાસે તેની પોતાની ફી માળખું નક્કી કરવાની સ્વાયત્તતા પણ હશે અને તે ભારતીય સંસ્થાઓ પર લાદવામાં આવેલી કોઈપણ મર્યાદાનો સામનો કરશે નહીં. ફી 'વાજબી અને પારદર્શક' હોવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્વ

ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓના કેમ્પસ સ્થાપવાના આદર્શનો ઉલ્લેખ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020માં પણ કરવામાં આવ્યો છે.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) એ પરિકલ્પના કરે છે કે વિશ્વની ટોચની યુનિવર્સિટીઓને ભારતમાં કામ કરવા માટે સુવિધા આપવામાં આવશે.
- આ ડ્રાફ્ટ નિયમો માત્ર NEPના અભિગમને સંસ્થાકીય બનાવવાનો પ્રયાસ કરે છે.
- આ પગલું ભારતને શિક્ષણ માટે વૈશ્વિક સ્થળ બનાવવાનો માર્ગ મોકળો કરશે.
- આનાથી વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓના બ્રેઈન ડ્રેઈન અને વિદેશી હુંડિયામણની ખોટ અટકાવવામાં મદદ મળશે જ પરંતુ વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં આકર્ષવામાં પણ મદદ મળશે.
- વિદેશ મંત્રાલયના આંકડા અનુસાર વર્ષ 2022માં લગભગ 13 લાખ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા હતા.
- અને RBIના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ 2021-22માં વિદ્યાર્થીઓના વિદેશ જવાના કારણે વિદેશી હુંડિયામણમાં નુકસાન થયું હતું.
- વિદેશી સંસ્થા ટોચના આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી અને સ્ટાફની ભરતી કરશે તથા ભારતમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાને મજબૂત બનાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતનો શ્રીલંકા સામે વન-ડે ઈતિહાસનો સૌથી મોટો વિજય

ભારતીય ક્રિકેટ ટીમે તિરુવનંતપુરમ ગ્રીનફિલ્ડ સ્ટેડિયમ ખાતે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચમાં શ્રીલંકા સામે ઐતિહાસિક જીત હાંસલ કરી હતી.




- ભારતે શ્રીલંકાને આ મેચમાં 317 રને હરાવ્યું હતું.
- આ સાથે ભારતે વન–ડે (ODI) ક્રિકેટમાં સૌથી મોટા વિજય માર્જિનનો ન્યૂઝીલેન્ડનો 15 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે.
- અગાઉનો રેકોર્ડ ન્યૂઝીલેન્ડના નામે હતો, જેણે 2008માં આયર્લેન્ડ સામે 290 રનની જીત હાંસલ કરી હતી.
- ભારતે આ મેચમાં પાંચ વિકેટે 390 રન ફટકાર્યા હતા, જ્યારે શ્રીલંકાની ટીમ માત્ર 22 ઓવરમાં 73 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

## વન-ડે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી મોટી જીત ધરાવતી ટોચની ટીમો

| મેચ | વર્ષ | વિજયનો માર્જિન |
|---|---|---|
| ભારત vs શ્રીલંકા | 2023 | ભારતનો 317 રને વિજય |
| ન્યૂઝીલેન્ડ vs આયર્લેન્ડ | 2008 | ન્યૂઝીલેન્ડનો 290 રને વિજય |
| ઓસ્ટ્રેલિયા vs અફઘાનિસ્તાન | 2015 | ઓસ્ટ્રેલિયાનો 275 રને વિજય |
| દક્ષિણ આફ્રિકા vs ઝિમ્બાબ્વે | 2010 | દ. આફ્રિકાનો 272 રને વિજય |
| ભારત vs બર્મુડા | 2007 | ભારતનો 257 રને વિજય |



1. ભારતમાં 'થલ સેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી **(A)**

2. તાજેતરમાં ભારતના ચૂંટણી પંચે (ECI)એ 'રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન' (RVM) માટે એક પ્રોટોટાઈપ વિકસાવ્યો છે. આ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનો હેતુ સમગ્ર ભારતમાં સ્થાનિક સ્થળાંતર કરનારાઓ માટે મતદાનની સુવિધા આપવાનો છે.
2. તે દૂરસ્થ મતદાન મથકમાંથી 72 મતવિસ્તારોનું સંચાલન કરી શકે છે.
3. ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL) અને NPCI દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(C)**

3. ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL)નું મુખ્યમથક કયાં આવેલું છે ?

(A) બેંગ્લોર (B) પૂણે (C) દિલ્હી (D) નાગપુર **(A)**

4. તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)એ ભારતમાં વિદેશી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસની સ્થાપના અને સંચાલન માટેના ડ્રાફ્ટ નિયમો રજૂ કર્યા છે. આ ડ્રાફ્ટ નિયમો વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ ડ્રાફ્ટ નિયમો મુજબ વિશ્વભરની 500 યુનિવર્સિટીમાં સ્થાન ધરાવતી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી અથવા વિદેશી શૈક્ષણિક સંસ્થા જે તેના વતનમાં સારી સ્થિતિમાં છે તે ભારતમાં કેમ્પસ સ્થાપવા માટે UGCને અરજી કરી શકે છે.

(B) આ સંસ્થા અથવા યુનિવર્સિટીને વિદેશમાંથી ફેકલ્ટી અને સ્ટાફની ભરતી કરવાની પણ સ્વાયતતા આપશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

5. તાજેતરમાં ભારતે ______ દેશને 317 રનથી હરાવ્યું હતું. આ સાથે ભારતે વન–ડે ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો વિજય પ્રાપ્ત કરવાની સિદ્ધિ મેળવી હતી.

(A) શ્રીલંકા (B) ન્યૂઝિલેન્ડ (C) બાંગ્લાદેશ (D) ઓસ્ટ્રેલિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 16 જાન્યુઆરી, નેશનલ સ્ટાર્ટઅપ ડે

## નાબાર્ડના સ્ટેટ ફોકસ પેપર 2023-24નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગાંધીનગરમાં વિમોચન કર્યુ



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) દ્વારા 2023-24ના વર્ષ માટેની એકંદર વાર્ષિક ધિરાણ સંભાવિતા દર્શાવતા સ્ટેટ ફોકસ પેપરનું વિમોચન ગાંધીનગરમાં આયોજિત સ્ટેટ ક્રેડીટ સેમિનારમાં કર્યુ હતું.

- નાબાર્ડ દ્વારા રાજ્યના 33 જિલ્લાઓ માટે મૂલ્યાંકન કરાયેલા એકંદર વાર્ષિક ધિરાણ સંભવિતતાનું આ ફોકસ પેપર તૈયાર કરવામાં રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, બેન્ક્સ અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો.
- નાબાર્ડ દ્વારા અગ્રિમ ક્ષેત્રે વર્ષ 2023-24 માટે રાજ્યની ધિરાણ સંભવિતતા જે રૂ.2.98 લાખ કરોડ દર્શાવવામાં આવી છે તેમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં રૂ.1.28 લાખ કરોડ, MSME સેક્ટર માટે રૂ.1.42 લાખ કરોડનો હિસ્સો ધરાવે છે.

### NABARD

NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Development' છે.

- નાબાર્ડની સ્થાપના 12 જુલાઈ, 1982ના રોજ થઈ હતી. નાબાર્ડનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- નાબાર્ડ એ ભારતની સર્વોચ્ચ Development Financial Institution છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવી તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડ એ Developmental Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
- શ્રી બી. સિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં 'નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981' લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી. આથી, નાબાર્ડ એ ગેરસંવૈધાનિક – વૈધાનિક સંસ્થા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંવૈધાનિક, ગેરસંવૈધાનિક-કારોબારી અને ગેરસંવૈધાનિક-વૈધાનિક સંસ્થા વચ્ચેનો તફાવત

| ક્રમ | સંસ્થા | સમજૂતી |
|---|---|---|
| 1 | સંવૈધાનિક | બંધારણના કોઈ અનુચ્છેદ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 2 | ગેરસંવૈધાનિક–વૈધાનિક | સંસદના કોઈ અધિનિયમ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 3 | ગેરસંવૈધાનિક–કારોબારી | કેન્દ્ર સરકાર દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા કે જેના માટે કોઈ કાયદાની જરૂર નથી. |

## ડોપ્લર વેધર રડાર નેટવર્ક (Doppler Weather Radar Network)

તાજેતરમાં ભારતીય હવામાન વિભાગ (IMD)ના 148માં સ્થાપના દિવસના અવસરે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં 'ડોપ્લર વેધર રડાર સિસ્ટમ'નું ઉદ્ઘાટન કર્યું હતું.

- આત્યંતિક હવામાન ઘટનાઓ સંબંધિત વધુ સચોટ આગાહીઓ માટે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય વર્ષ 2025 સુધીમાં સમગ્ર દેશને ડોપ્લર વેધર રડાર નેટવર્ક હેઠળ આવરી લેવાની તૈયારી કરી રહ્યું છે.

### ડોપ્લર વેધર રડાર સિસ્ટમ



ડોપ્લર સિદ્ધાંતના આધારે રડારને 'પેરાબોલિક ડીશ એન્ટેના' અને ફોમ સેન્ડવીચ સ્ફેરિકલ રેડોમનો ઉપયોગ કરીને હવામાનની અગાહી અને દેખરેખની ચોકસાઈને સુધારવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

- ડોપ્લર વેધર રડાર વરસાદની તીવ્રતા, પવનના ઢાળ અને વેગને માપવા માટેના સાધનોથી સજ્જ છે.
- જે ચક્રવાતના કેન્દ્ર અને ધૂળના તોફાનની દિશા વિશે માહિતી આપે છે.
- ડોપ્લર રડારની મદદથી આગાહી કરવી વધુ સમયસર અને સચોટ છે. જે આત્યાંતિક હવામાન ઘટનાઓની સંભાવનામાં સલામત સ્થળાંતર દરમિયાન મહત્વપૂર્ણ બની શકે છે.

નોંધ :(1) ડોપ્લર ઈફેક્ટ અથવા અસર તરંગ સ્ત્રોત અને તેના નિરીક્ષક વચ્ચે સંબંધિત ગતિ દરમિયાન તરંગની આવર્તનમાં ફેરફારનો ઉલ્લેખ કરે છે.

(2) તેની શોધ ક્રિશ્ચિયન જ્હોન ડોપ્લર દ્વારા કરવામાં આવી હતી, જેમણે તેને તારાની સાપેક્ષ હિલચાલ પર આધાર રાખે છે તે સ્ટારલાઈટના વધવા અથવા ઘટાડવાની પ્રક્રિયા તરીકે વર્ણાવ્યું હતું.

(3) ડોપ્લર ઈફેક્ટ પ્રકાશ અને ધ્વનિ બંને વસ્તુઓ પર કામ કરે છે.

(4) રડારનું પૂરું નામ 'Radio Detection Ranging' છે.

(5) ડોપ્લર રડાર એ એક વિશિષ્ટ રડાર છે જે ડોપ્લર ઈફેક્ટનો ઉપયોગ કરીને અંતર પરની વસ્તુઓ વિશે ડેટા ઉત્પન્ન કરે છે.

## અમેરિકાના સુશ્રી બોની ગેબ્રિયલએ Miss Universe 2022નો તાજ જીત્યો



તાજેતરમાં અમેરિકાના લુઈસિયાના રાજ્યના ન્યૂ ઓર્લિયન્સમાં 17મી મિસ યુનિવર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સ્પર્ધામાં અમેરિકાના સુશ્રી બોની ગેબ્રિયલએ 'મિસ યુનિવર્સ 2022'નો તાજ જીતી લીધો છે.
- ભારતના સુશ્રી હરનાઝ સંધુએ સુશ્રી બોની ગેબ્રિયલને 'મિસ યુનિવર્સ'નો તાજ પહેરાવ્યો હતો.
- આ અગાઉ ભારતના સુશ્રી હરનાઝ સંધુએ મિસ યુનિવર્સ 2021નો તાજ જીત્યો હતો.
- આ ઈવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ સુશ્રી દિવિતા રાયે કર્યુ હતું.

### Miss Universe

વિશ્વની ચાર મોટી સૌંદર્ય સ્પર્ધાઓમાં મિસ યુનિવર્સ, મિસ વર્લ્ડ, મિસ અર્થ અને મિસ ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે.

- જેમાંથી 28 જૂન, 1952ના રોજ મિસ યુનિવર્સ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.
- તેનો Motto અથવા તો આદર્શ વાક્ય Confidently Beautiful છે.
- વર્ષ 2022 સુધીમાં ભારતની ત્રણ યુવતીઓએ આ ખિતાબ જીત્યો છે.

### Miss Universe જીતનાર ભારતીય

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | સુશ્રી સુષ્મિતા સેન | 1994 |
| 2 | સુશ્રી લારા દત્તા | 2000 |
| 3 | સુશ્રી હરનાઝ સંધુ | 2021 |

# UN World Social Report 2023

'યુનાઈટેડ નેશન્સ (UN) વર્લ્ડ સોશિયલ રિપોર્ટ 2023' મુજબ વિશ્વભરમાં 65 કે તેથી વધુ વયના લોકોની સંખ્યા બમણી થવાની ધારણા છે.

## રિપોર્ટના મુખ્ય તારણો

2050માં વૃદ્ધોની વસતી 1.6 બિલિયન સુધી પહોંચશે, જે વૈશ્વિક વસતીના 16 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

- ઉત્તર આફ્રિકા, પશ્ચિમ એશિયા અને સબ સહારન આફ્રિકામાં આગામી ત્રણ દાયકામાં વૃદ્ધ લોકોની સંખ્યામાં સૌથી ઝડપી વૃદ્ધિ થવાની અપેક્ષા છે.
- આ ઉપરાંત યુરોપ અને ઉત્તર અમેરિકા સંયુક્ત રીતે હવે વૃદ્ધ વ્યક્તિઓનો સૌથી વધુ હિસ્સો ધરાવે છે.
- આ વસતી વિષયક પરિવર્તન યુવા અને વૃદ્ધ, દેશોમાં વૃદ્ધાવસ્થાના સમર્થનની વર્તમાન પ્રણાલી પર પ્રશ્નાથ ઊભો કરે છે.
- વૃદ્ધાવસ્થામાં પણ જાતિય અસમાનતા જળવાઈ રહે છે. આર્થિક રીતે મહિલાઓની ઔપચારિક શ્રમ બજારમાં ભાગીદારીનું નીચું સ્તર, ટૂંકા કાર્યકારી જીવન અને કામના વર્ષો દરમિયાન ઓછું વેતન પછીના જીવનમાં વધુ આર્થિક અસુરક્ષા તરફ દોરી જાય છે.
- 80 અને તેથી વધુ વયના લોકો ઘણા દેશોમાં કુલ વસતીનો સૌથી ઝડપથી વિકસતો ભાગ છે. આગામી ત્રણ દાયકામાં તેમાં 200 ટકાથી વધુનો વધારો થવાનો અંદાજ છે.
- વૃદ્ધાવસ્થામાં અસમાનતા : લગભગ તમામ સમાજોમાં, સ્ત્રીઓ સરેરાશ પુરુષો કરતા લાંબુ જીવે છે અને અમીરો ગરીબો કરતા લાંબુ જીવે છે.
- કારણ કે ખરાબ પોષણ અને પર્યાવરણીય વ્યવસાયિક જોખમોનો સંપર્ક જે પુરુષો અને મર્યાદિત આવક અને શિક્ષણ ધરાવતા લોકોમાં વધુ સામાન્ય છે.

## વસતીનું વૃદ્ધત્વ શું છે ?

તે એવી પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે જેના દ્વારા સમાજમાં વૃદ્ધ વ્યક્તિઓનું પ્રમાણ સમય જતા વધે છે.

- તે સામાન્ય રીતે 65 વર્ષ કે તેથી વધુ ઉંમરની ચોક્કસ વયથી વધુની વસતીના પ્રમાણમાં માપવામાં આવે છે.

## ભારતમાં સ્થિતિ

રાષ્ટ્રીય વસતી આયોગ અનુસાર ભારતની વસતીમાં વૃદ્ધ લોકોનો હિસ્સો (જે 2011માં 9%ની નજીક હતો) ઝડપથી વધી રહ્યો છે અને 2036 સુધીમાં તે 18% સુધી પહોંચી શકે છે.

1. કયા દિવસના રોજ 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી **(B)**

2. નાબાર્ડ સ્ટેટ ફોકસ પેપર 2023-24નું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _____ શહેરમાં આયોજિત સ્ટેટ ક્રેડીટ સેમિનારમાં વિમોચન કર્યુ હતું.

(A) ગાંધીનગર (B) વડોદરા (C) રાજકોટ (D) જામનગર **(A)**

3. તાજેતરમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં 'ડોપ્લર વેધર રડાર સિસ્ટમ'નું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ડોપ્લર વેધર રડાર વરસાદની તીવ્રતા, પવનના ઢાળ અને વેગને માપવા માટેના સાધનોથી સજ્જ છે.

2. આ રડાર BEL, BDL અને DRDOના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. 'મિસ યુનિવર્સ 2022' વિજેતા યુવતીનું નામ શું છે ?

(A) સુશ્રી ઝોજીબિની તુન્ઝી (B) સુશ્રી બોની ગેબ્રિયલ

(C) સુશ્રી એન્ડ્રિયા મેઝા (D) સુશ્રી રેહનુમ્મા સંધુ **(B)**

5. 'મિસ યુનિવર્સ 2022' વિજેતા સુશ્રી બોની ગેબ્રિયલના દેશનું નામ શું છે ?

(A) અમેરિકા (B) ઈન્ડોનેશિયા (C) કેનેડા (D) દ. આફ્રિકા **(A)**

6. નીચેના પૈકી કઈ ભારતીય યુવતીએ મિસ યુનિવર્સનો તાજ જીતેલો છે ?

(A) સુષ્મિતા સેન (B) લારા દત્તા (C) હરનાઝ સંધુ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

7. તાજેતરના UN World Social Report 2023 અનુસાર 2050માં વૃદ્ધોની વસતી _____ સુધી પહોંચશે, જે વૈશ્વિક વસતીના 16 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

(A) 1.6 બિલિયન (B) 2.6 બિલિયન (C) 3.6 બિલિયન (D) 1.9 બિલિયન **(A)**

## ભારતનું પ્રથમ 5G સક્ષમ ડ્રોન : Skyhawk

તાજેતરમાં ઓડિશાના સંબલપુરમાં વીર સુરેન્દ્ર સાઈ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી (VSSUT) કેમ્પસમાંથી શરૂ થયેલી સ્ટાર્ટઅપ ફર્મ IG ડ્રોન્સ (IG Drones)એ એક વર્ટિકલ ટેક–ઓફ અને લેન્ડિંગ માટે સક્ષમ 5G-સક્ષમ ડ્રોન વિકસાવ્યું છે.

- આ ડ્રોનને 'Skyhawk' નામ આપવામાં આવ્યું છે.

### Skyhawk ડ્રોનની વિશેષતાઓ

વર્ટિકલ ટેક–ઓફ અને લેન્ડિંગ (VTOL)ની વિશેષતાના કારણે તેને ટેક–ઓફ કે લેન્ડિંગ માટે કોઈ ખાસ રનવે કે ટ્રેકની જરૂર પડતી નથી.

- સ્કાયહોક નામના આ ડ્રોનનો ઉપયોગ અન્ય ક્ષેત્રો ઉપરાંત સંરક્ષણ અને તબીબી એપ્લિકેશન્સમાં થઈ શકે છે.
- ડ્રોનમાં 5G ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેને કમાન્ડ સેન્ટરથી સીધા નિયંત્રણમાં ચોકસાઈ સાથે નિયંત્રિત કરી શકાય છે.
- સ્કાયહોક ડ્રોન 10 કિલોના પેલોડ સાથે લગભગ પાંચ કલાક સુધી ઉડી શકે છે.
- તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને થર્મલ ઈમેજિંગ જેવી ક્ષમતાઓથી પણ સજ્જ છે.
- તે IP67 રેટેડ છે અને તેને NaVIC + GPS નેવિગેશન ઉપગ્રહોના સંયોજન દ્વારા નિયંત્રિત કરી શકાય છે. જે સુરક્ષિત સક્રિયકરણના કિસ્સામાં 50 થી 60 સેકન્ડની ઉપરની શ્રેણીમાં જોડાયેલા રહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### Skyhawk Drone

**ભારતનું પ્રથમ 5G સક્ષમ ડ્રોન**

વર્ટિકલ ટેક–ઓફ અને લેન્ડિંગ (VTOL) માટે સક્ષમ



10 કિલોના પેલોડ સાથે લગભગ પાંચ કલાક સુધી ઉડી શકે છે.

ઓડિશાના સંબલપુરમાં વીર સુરેન્દ્ર સાઈ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી કેમ્પસમાંથી શરૂ થયેલી સ્ટાર્ટઅપ - IG Drones દ્વારા વિકસિત

**નોંધ :** (1) સ્કાયહોકને સંરક્ષણ અને તબીબી ક્ષેત્રની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યું છે, તે સરહદી દેખરેખ અને સંરક્ષણ કામગીરી માટે પણ આદર્શ છે.

(2) ઈન્ટરનેટ લિંક ઉપલબ્ધ ન હોય તો ડ્રોન સેટેલાઈટ્સ દ્વારા ઓપરેટ કરવા સક્ષમ છે, જે તેને દૂરના વિસ્તારોમાં ઉપયોગી બનાવે છે.

(3) IG Drones એ ભારતની અગ્રણી ડ્રોન સર્વેક્ષણ, મેપિંગ અને નિરીક્ષણ ટેક કંપની છે. કંપની અનેક રાજ્ય સરકારો અને 30 સૌથી મોટા PVU અને MNC સાથે ભાગીદારી ધરાવે છે, જેનું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે.

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક

તાજેતરમાં 16 જાન્યુઆરીના રોજ 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ના અવસરે 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક' નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ 2022 સાથે સમાપ્ત થયું હતું.




- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળનો વિભાગ 'ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડ (DPIIT)એ 10 જાન્યુઆરીથી 16 જાન્યુઆરી, 2023 દરમિયાન સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીકનું આયોજન કર્યું હતું.
- આ કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવનો એક ભાગ છે અને દેશભરમાં 75થી વધુ સ્થળોએ યોજાયો હતો.
- સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક 2023નો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના હિતધારકોને જોડાવાનો અને ભારતમાં 10 થી 16 જાન્યુઆરી દરમિયાન ઉદ્યોગસાહસિકતા અને નવીનતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ 2022 એ એવા સ્ટાર્ટઅપ્સ અને સમર્થકોને આપવામાં આવે છે જેમણે ભારતના વિકાસમાં ક્રાંતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- આ ઉપરાંત સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ 'ચેમ્પિયન ધ બિલિયન ડોલર ડ્રીમ' થીમ પર ઉદ્યોગ કેન્દ્રિત વેબિનારનું આયોજન કર્યું હતું.

## એક્સોપ્લેનેટ (Exoplanet)

તાજેતરમાં NASAએ જાહેરાત કરી હતી કે જેમ્સ વેબ ટેલિસ્કોપે તેના નવા પ્રથમ એક્સોપ્લેનેટ (Exoplanet)ની શોધ કરી છે.

- વૈજ્ઞાનિકોએ આ ગ્રહને LHS 475 b તરીકે લેબલ કર્યુ છે. અને તે લગભગ પૃથ્વી જેવડો જ ગ્રહ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## LHS 475 b

તે લગભગ પૃથ્વી જેટલું જ કદ ધરાવે છે, તેનો વ્યાસ 99% પૃથ્વી જેટલો છે.

- તે ઓકેટન નક્ષત્રમાં પૃથ્વીથી આશરે 41 પ્રકાશ–વર્ષ દૂર એક અવકાશી, ખડકાળ ગ્રહ છે.
- તે પૃથ્વીથી બે બાબતોમાં અલગ છે, પ્રથમ કે તે માત્ર બે દિવસમાં ભ્રમણકક્ષા પૂર્ણ કરે છે અને બીજું, તે પૃથ્વી કરતા સેંકડો ડિગ્રી વધુ ગરમ છે.



- તે આપણા સૌરમંડળના અન્ય કોઈપણ ગ્રહ કરતા તેના તારાની નજીક છે, જોકે તેનો તારો સૂર્યના અડધા તાપમાન કરતા ઓછો છે.
- તે લાલ દ્વાર્ફ તારાની ખૂબ નજીકથી ભ્રમણ કરે છે અને માત્ર બે દિવસમાં સંપૂર્ણ ભ્રમણકક્ષા પૂર્ણ કરે છે.
- અત્યાર સુધી શોધાયેલા મોટાભાગના એક્સોપ્લેનેટ ગુરુ જેવા જ છે કારણ કે પૃથ્વી કદના ગ્રહો ખૂબ જ નાના છે અને જૂના ટેલિસ્કોપથી શોધવા મુશ્કેલ છે.
- આ પૃથ્વીના કદના ખડકાળ ગ્રહના અવલોકન પરિણામો આવા ગ્રહોના વાતાવરણનો અભ્યાસ કરવા માટે ભવિષ્યની ઘણી શક્યતાઓ માટે માર્ગ મોકળો કરે છે.

## એક્સોપ્લેનેટ શું છે ?

એક્સોપ્લેનેટ એવા ગ્રહો છે જે અન્ય તારાઓની પરિક્રમા કરે છે અને તે આપણા સૌરમંડળની બહાર છે.

- એક્સોપ્લેનેટની શોધની પ્રથમ પુષ્ટિ વર્ષ 1992માં થઈ હતી.
- નાસા અનુસાર અત્યાર સુધીમાં 5000થી વધુ એક્સોપ્લેનેટ/એક્ઝોપ્લેનેટની શોધ કરવામાં આવી છે.
- વૈજ્ઞાનિકો માને છે કે તારાઓ કરતા વધુ ગ્રહો છે. કારણ કે દરેક તારામાં ઓછામાં ઓછો એક ગ્રહ તેની પરિભ્રમણ કરતો હોય છે.
- એક્સોપ્લેનેટ વિવિધ કદના યજમાનમાં આવે છે. તેઓ ગુરુ કરતા મોટા અથવા પૃથ્વી જેટલા નાના ખડકાળ હોઈ શકે છે.

## લાલ દ્વાર્ફ તારાઓ શું છે ?

લાલ દ્વાર્ફ તારાઓ નાના, ઓછા દળના, ઝાંખા અને ઠંડા તારાઓ છે, તે બ્રહ્માંડમાં સૌથી સામાન્ય અને નાના છે.

- તેઓ વધુ પ્રકાશ ઉત્સર્જિત કરતા ન હોવાથી તેઓને પૃથ્વી પરથી નરી આંખે શોધવાનું ખૂબ મુશ્કેલ છે.
- જો કે લાલ દ્વાર્ફ અન્ય તારાઓની સરખામણીમાં મંદ હોવાથી તેમની પરિભ્રમણ કરતા એક્સોપ્લેનેટ શોધવાનું સરળ છે.

**નોંધ :** જેમ્સ વેબ ટેલિસ્કોપ NASA, યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) અને કેનેડિયન સ્પેસ એજન્સી વચ્ચેના આંતરરાષ્ટ્રીય સહયોગનું પરિણામ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NASA

નાસા એ વિશ્વની અગ્રણી અવકાશ સંસ્થા છે.

- તે અમેરિકી સરકારની સ્વતંત્ર અવકાશ એજન્સી છે.
- NASAનું પૂરું નામ 'National Aeronautics And Space Administration છે.
- 29 જુલાઈ, 1958ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.
- નાસાનું ધ્યેય વાક્ય 'For the Benefit of All' છે.

## વાયકોમ 18એ મહિલા IPLના મીડિયા રાઈટ્સ 951 કરોડ રૂપિયામાં ખરીદ્યા

રિલાયન્સની માલિકી હેઠળની વાયકોમ-18 (Viacom 18) પ્રાઈવેટ લિમિટેડ વિમેન્સ IPL T-20ના પ્રસારણ અધિકાર અથવા મીડિયા રાઈટ્સ 951 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે.

- વાયકોમ 18એ સૌથી મોટી બોલી લગાવી આ લીગના રાઈટ્સ મેળવ્યા છે.
- આ રાઈટ્સ આગામી પાંચ વર્ષ એટલે કે 2023-27 માટે ખરીદ્યા છે.
- આથી વિમેન્સ IPLનું ટેલિકાસ્ટ વાયકોમ 18ની સ્પોર્ટ્સ ચેનલ 18 પર થશે. આ ઉપરાંત Jio સિનેમા, Jio TV વગેરે જેવા પ્લેટફોર્મ પણ મેચ જોવા મળશે.
- ટૂંક સમયમાં વિમેન્સ IPLની ટીમોની જાહેરાત અને ખેલાડીઓની હરાજી કરવામાં આવશે.



**1.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Skyhawk' શું છે ?

(A) ભારતનું પ્રથમ 5G સક્ષમ ડ્રોન

(B) યુરોપમાં ચાલી રહેલા શિયાળાનો 30 દિવસીય સમયગાળો

(C) જાપાન દ્વારા નિર્મિત ખગોળીય ઉપગ્રહ

(D) એક યુનિવર્સિટીનું નામ

**(A)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ભારતનું 5G સક્ષમ ડ્રોન 'Skyhawk' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને સ્ટાર્ટઅપ ફર્મ IG ડ્રોન્સ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
2. વર્ટિકલ ટેક–ઓફ અને લેન્ડિંગ (VTOL)ની વિશેષતાના કારણે તેને ટેક–ઓફ કે લેન્ડિંગ માટે કોઈ ખાસ રનવે કે ટ્રેકની જરૂર પડતી નથી.
3. આ ડ્રોન 10 કિલો પેલોડ સાથે લગભગ પાંચ કલાક સુધી ઉડી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3

**(D)**

**3.** તાજેતરમાં 'ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડ' (DPIIT)એ _____ સમયગાળા દરમિયાન 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક 2023'નું આયોજન કર્યુ હતું ?

(A) 1 થી 7 જાન્યુઆરી (B) 10 થી 16 જાન્યુઆરી

(C) 16 થી 22 જાન્યુઆરી (D) 20 થી 26 જાન્યુઆરી

**(B)**

**4.** તાજેતરમાં NASAએ જાહેરાત કરી હતી કે જેમ્સ વેબ ટેલિસ્કોપે તેના નવા પ્રથમ એક્સોપ્લેનેટ (Exoplanet)ની શોધ કરી છે. વૈજ્ઞાનિકોએ આ ગ્રહને _____ નામ આપ્યું છે.

(A) LHS 475 b (B) LHS 574 b

(C) LHS 547 b (D) LHS 745 b

**(A)**

**5.** તાજેતરમાં કોણે વિમેન્સ IPLના મીડિયા રાઈટ્સ ખરીદ્યા છે ?

(A) એમકોમ 17 (B) સોની લીવ (C) વાયકોમ 18 (D) ઝી સ્માઈલ

**(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RRRને બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મનો ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ મળ્યો




શ્રી એસ. એસ. રાજામૌલીની ફિલ્મ RRR ફિલ્મને શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ માટે ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ મળ્યો છે.

- શ્રી એસ. એસ. રાજામૌલીની ફિલ્મ RRR આંતરરાષ્ટ્રીય સ્તરે સતત ગૌરવાન્વિત કરી રહી છે.
- આ અગાઉ આ ફિલ્મએ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં 'નાટુ નાટુ' ગીત માટે બેસ્ટ ઓરિજનલ સોંગ મોશન પિક્ચર કેટેગરીમાં એવોર્ડ જીત્યો હતો.
- લોસ એન્જલમાં યોજાયેલા આ એવોર્ડ ફંકશનમાં RRR ફિલ્મએ બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મનો ક્રિટિક્સ ચોઈસ તથા 'નાટુ નાટુ' ગીત માટે બેસ્ટ સોંગનો એવોર્ડ જીત્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### RRR ફિલ્મ



RRR એ 2022ની ભારતીય તેલુગુ–ભાષાની એક્શન ફિલ્મ છે.

- તેના ડિરેક્ટર શ્રી એસ. એસ. રાજામૌલી છે.
- શ્રી એસ. એસ. રાજામૌલીએ શ્રી વી. વિજય પ્રસાદ સાથે ફિલ્મનું સહલેખન કર્યુ હતું.
- આ ફિલ્મમાં 1920ના દાયકાની એક કાલ્પનિક વાર્તા છે. જે ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓ શ્રી અલ્લુરી સીતારમ રાજુ અને શ્રી કોમારામ ભીમ પર કેન્દ્રિત છે.
- RRR ફિલ્મ માર્ચ 2022માં બહુવિધ ભાષામાં રજૂ થઈ હતી.

**નોંધ :** શ્રી એસ. એસ. રાજામૌલીના જણાવ્યા અનુસાર RRRના ત્રણ શબ્દો સાથે 'Rise, Roar and Revolt' સાથે સંકળાયેલ છે. જેને તેલુગુ ભાષામાં 'રોદ્રમ રણમ રુધિરમ' કહેવામાં આવે છે.

## શુક્રયાન - 1 (Shukrayaan - 1)


ISROનું શુક્ર મિશન (Venus Mission) 'શુક્રયાન-1'ને વર્ષ 2031 સુધી મુલતવી રાખવામાં આવી શકે છે.

- ISROનું શુક્ર મિશન ડિસેમ્બર 2024માં લોન્ચ થવાની ધારણા હતી.

## મુલતવી રાખવાનું કારણ

ઈસરોએ મૂળ 2023ના મધ્ય સુધીમાં શુક્રયાન-1 લોન્ચ કરવાની યોજના બનાવી હતી.

- પરંતુ મહામારીના કારણે તારીખ ડિસેમ્બર 2024 લંબાવવામાં આવી હતી.
- શુક્ર 9 મહિનામાં એકવાર પૃથ્વીની સૌથી નજીક આવે છે, જે મિશન લોન્ચ કરવા માટેનો સૌથી યોગ્ય સમય છે.
- આથી ISRO પાસે 2026 અને 2028ના વર્ષોમાં 'બેકઅપ' પ્રક્ષેપણ સમય છે. (જો તે વર્ષ 2024ની તક ગુમાવે તો)
- પરંતુ વધુ યોગ્ય સમય લિફ્ટ ઓફ વખતે જરૂરી બળતણના જથ્થાને ઘટાડે છે તે દર આઠ વર્ષે આવે છે.
- નિષ્ણાતો દ્વારા વર્ષ 2031ને લોન્ચિંગ માટે ખૂબ જ યોગ્ય સમય માનવામાં આવી રહ્યો છે.
- મિશન પણ 'ઔપચારિક મંજૂરી અને ભંડોળની રાહ જોઈ રહ્યું છે' જે અવકાશયાનને એસેમ્બલ અને પરીક્ષણ કરી શકાય તે પહેલા જરૂરી છે.



## મિશનના મુખ્ય ઉદ્દેશ્યો

આ મિશનના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

- સપાટીની પ્રક્રિયા અને છીછરી પેટા– સપાટી (Stratigraphy)ના સ્તરની તપાસ કરવી.
- વાતાવરણની સંરચના, સંઘટક (રચના) અને ગતિશીલતાનો અભ્યાસ કરવો.
- શુક્રના આયનોસ્ફિયર સાથે સૌર પવનની ક્રિયાપ્રતિક્રિયાની તપાસ.

નોંધ: (1) શુક્રની ઉપસપાટીનું કોઈ અગાઉનું અવલોકન કરવામાં આવ્યું નથી.

(2) સ્ટ્રેટીગ્રાફી (Stratigraphy) એ ભૂસ્તરશાસ્ત્રની એક શાખા છે જે ખડકોના સ્તરો અને સ્તરોની રચનાનો અભ્યાસ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## મિશનનું મહત્વ

આ મિશનએ જાણવામાં મદદ કરશે કે પૃથ્વી જેવા ગ્રહો કેવી રીતે ફરે છે અને પૃથ્વીના કદના 'એક્સોપ્લેનેટ' (આપણા સૂર્ય સિવાયના તારાની પરિક્રમા કરતા ગ્રહો) પર કઈ સ્થિતિઓ અસ્તિત્વ ધરાવે છે.

- તે પૃથ્વીની આબોહવાનું મોડેલિંગ કરવામાં મદદ કરશે અને ગ્રહની આબોહવા કેવી રીતે નાટકીય રીતે બદલાય છે તેની ચેતવણી તરીકે કાર્ય કરશે.

## શુક્ર પર અવકાશયાન મોકલવા માટે ડિસેમ્બર 2024 શા માટે યોગ્ય હતું ?

જો અવકાશયાન ડિસેમ્બર, 2024 સુધીમાં લોન્ચ કરવામાં આવે તો 2025માં અવકાશયાનની દિશા બદલવાની યોજના બનાવી શકાત.

- 2025મા પૃથ્વી અને શુક્રને એવી રીતે ગોઠવવામાં આવત કે અવકાશયાનને શુક્રની ભ્રમણકક્ષામાં પ્રવેશવા માટે ઓછામાં ઓછા પ્રોપેલન્ટની જરૂર પડત.

## અગાઉના મિશન

શુક્ર ગ્રહના વિવિધ દેશોના અગાઉના મિશન નીચે મુજબ છે :

(1) અમેરિકા : મરીનર શ્રેણી 1962- 1974, વર્ષ 1978મા પાયોનિયર વિનસ 1 અને પાયોનિયર વિનસ 2, 1989માં મેગેલન

(2) રશિયા : અવકાશયાનની વેનેરા શ્રેણી 1967- 1983, વેગાસ 1 અને 2

(3) જાપાન : વર્ષ 2015માં અકાત્સુકી

(4) યુરોપ : વર્ષ 2015ના વિનસ એક્સપ્રેસ

## શુક્ર ગ્રહ

તેનું નામ <u>પ્રેમ અને સુંદરતાની</u> <u>રોમન દેવીના</u> નામ પરથી રાખવામાં આવ્યું છે. તે પૃથ્વીનો પાડોશી ગ્રહ છે.

- તે સૂર્યની અંતરની દષ્ટિએ <u>બીજો</u> સૌથી મોટો ગ્રહ છે. અને દળ અને કદમાં છઠ્ઠો સૌથી મોટો ગ્રહ છે.
- તેનો આકાર પૃથ્વીના આકારને મળતો આવે છે. આથી, શુક્રને <u>'પૃથ્વીની જડવા બહેન'</u>ના નામથી ઓળખવામાં આવે છે.
- શુક્રનું બાહ્ય આવરણ <u>કાર્બન ડાયોક્સાઈડ</u> વાયુનું બનેલું છે. જેથી શુક્ર સૌથી ગરમ રહે છે.
- શુક્રની ચારે તરફ 80 કિ.મીની ઊંચાઈ સુધી <u>સલ્ફ્યુરિક એસિડના વાદળ</u> છવાયેલા રહે છે.
- તે અન્ય ગ્રહો કરતા <u>વિપરીત દિશામાં</u> પરિક્રમણ કરે છે.
- તે સવારના સમયે આકાશમાં પૂર્વ તરફ અને સાંજના સમયે આકાશમાં પશ્ચિમ તરફ જોવા મળે છે.
- તેને <u>'સવારના તારા'</u> <u>(Morning Star)</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શુક્રને એકપણ ઉપગ્રહ નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** તાજેતરમાં RRR ફિલ્મને બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મનો ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ મળ્યો છે. RRR ફિલ્મના ડિરેક્ટરનું નામ જણાવો ?

(A) શ્રી એસ. એસ. રાજામૌલી (B) શ્રી મણિરત્નમ

(C) શ્રી કે. બાલાચંદર (D) શ્રી રામ ગોપાલ વર્મા **(A)**

**2.** વર્ષ 2022માં રિલીઝ થયેલી ફિલ્મ RRR મૂળ કઈ ભાષાની ફિલ્મ છે ?

(A) મલયાલમ (B) કન્નડ (C) તેલુગુ (D) હિન્દી **(C)**

**3.** ISROનું શુક્ર મિશન (Venus Mission) લગભગ 2031 સુધી મુલતવી રાખવામાં આવી શકે છે. આ મિશન અગાઉ ક્યારે લોન્ચ થવાની ધારણા હતી ?

(A) ડિસેમ્બર 2020 (B) ડિસેમ્બર 2021 (C) ડિસેમ્બર 2022 (D) ડિસેમ્બર 2024 **(D)**

**4.** શુક્ર ગ્રહ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પૃથ્વીનો પાડોશી ગ્રહ છે.
2. તેને 'પૃથ્વીની જુડવા બહેન'ના નામથી પણ ઓળખવામાં આવે છે.
3. તે અન્ય ગ્રહો કરતા વિપરીત દિશામાં પરિક્રમણ કરે છે.
4. તેને 3 ઉપગ્રહ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોલ્લમ ભારતનો પ્રથમ બંધારણ સાક્ષર જિલ્લો બન્યો



કેરળનો કોલ્લમ (Kollam) જિલ્લો દેશનો પ્રથમ બંધારણ અથવા સંવિધાન સાક્ષર જિલ્લો બન્યો છે.

- તેની જાહેરાત કેરળના મુખ્યમંત્રી શ્રી પિનરાઈ વિજયને કરી હતી.
- કોલ્લમ જિલ્લાની આ સફળતા દેશના કાયદાઓ અને તેમના અધિકારો વિશે નાગરિકોને શિક્ષિત કરવા માટે કોલ્લમ જિલ્લા પંચાયત, જિલ્લા આયોજન સમિતિ અને કેરળ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ એડમિનિસ્ટ્રેશન (KILA) દ્વારા શરૂ કરાયેલ સાત મહિનાના અભ્યાસનું પરિણામ છે.
- આ અભિયાનનો હેતુ જિલ્લાના 7 લાખ પરિવારોના 23 લાખ નાગરિકોને બંધારણીય સાક્ષરતા આપવાનો છે.
- આ ધ્યેય હાંસલ કરવા માટે કોલ્લમમાં લગભગ 90% લોકો માટે જાગૃતિ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા 10 વર્ષથી વધુ ઉંમરના લગભગ 16.3 લાખ લોકોને 'સેનેટર્સ' તરીકે ઓળખાતા 2200 ટ્રેનર્સ દ્વારા શિક્ષિત કરવામાં આવ્યા હતા.
- કોલ્લમ જિલ્લામાં બંધારણ સાક્ષરતા અભિયાન ઘણી રીતે મદદ કરશે. જેમ કે દેશના કાયદાઓ અને નાગરિકોના અધિકારો વગેરેથી લોકો જાગૃત બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPS અધિકારી શ્રી પંકજ કુમાર સિંહને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

તાજેતરમાં 17 જાન્યુઆરીના રોજ BSFના નિવૃત્ત ડીજી શ્રી પંકજ કુમાર સિંહને બે વર્ષના સમયગાળા માટે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયમાં નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (Deputy National Security Adviser) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.



- શ્રી પંકજ સિંહને પુનઃરોજગાર કરાર પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

### શ્રી પંકજ કુમાર સિંહ

શ્રી પંકજ કુમાર સિંહ રાજસ્થાન કેડરના 1988 બેચના IPS અધિકારી છે.

- શ્રી પંકજ કુમાર સિંહ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદમાંથી MBA ઉપરાંત LLB અને એમફિલની ડિગ્રી ધરાવે છે.
- તેઓ 1959 બેચના નિવૃત્ત IPS અધિકારી શ્રી પ્રકાશ સિંહના પુત્ર છે.

- શ્રી પંકજ કુમાર સિંહે કેન્દ્ર સરકાર સાથે છત્તીસગઢમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (RPF)ના ઈન્સ્પેક્ટર જનરલ અને દિલ્હીમાં CRPF હેડક્વાર્ટરમાં IG (ઓપરેશન્સ) તરીકે સેવા આપી હતી.
- તેમણે 31 ઓગસ્ટ, 2021ના રોજ BSFની કમાન સંભાળી હતી. તથા 31 ડિસેમ્બર 2022ના રોજ નિવૃત્ત થયા હતા.

નોંધ : (1) ભારતના વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલ છે.

(2) હાલમાં નિવૃત્ત IPS અધિકારી શ્રી દત્તાત્રેય પડસલગીકર, ભૂતપૂર્વ R&AW ચીફ રાજિન્દર ખન્ના અને નિવૃત્ત IPS અધિકારી પંકજ સરન પણ નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે.

## AK - 203 રાઈફલ

ભારત અને રશિયાએ ઉત્તર પ્રદેશના અમેઠીમાં એક કારખાનામાં કલાશ્નિકોવ AK-203 રાઈફલ્સનું ઉત્પાદન શરૂ કર્યું છે.

- ભારત અને રશિયાએ ડિસેમ્બર 2021માં ઉત્તરપ્રદેશના અમેઠી જિલ્લામાં કોરવા ઓર્ડનન્સ ફેક્ટરી દ્વારા 6,01,427 AK 203 એસોલ્ટ રાઈફલ્સની ખરીદી માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

### The Indo-Russia Rifles Pvt Ltd

ભારતમાં રશિયાની મદદથી આ AK-203 રાઈફલ બનાવવામાં આવી રહી છે.

- આ માટે ભારત અને રશિયા દ્વારા એક Joint Venture (સંયુક્ત સાહસ)ની રચના કરવામાં આવી છે.
- આ જોઈન્ટ વેન્ચરને 'The Indo-Russia Rifles Pvt Ltd' નામ આપવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઉત્પાદન અને વિતરણ

ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ ઓફ ઈન્ડિયા, કલાશ્નિકોવ કન્સર્ન અને રોસોબોરોનેક્સપોર્ટ (રોસ્ટેક સ્ટેટ કોર્પોરેશનની બંને કંપનીઓ) વચ્ચે ઈન્ડો–રશિયા પ્રાઈવેટ લિમિટેડના ભાગરૂપે છ લાખથી વધુ રાઈફલ્સનું ઉત્પાદન થવાનું છે.



- આ સંદર્ભમાં ડિસેમ્બર 2021માં ભારત અને રશિયા વચ્ચે 5,124 કરોડ રૂપિયાના સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- કલાશ્નિકોવ AK 203ને 'કલાશ્નિકોવ ઈન્ડિયા' બ્રાન્ડ હેઠળ વિકસાવવામાં આવી રહી છે.
- આ સંયુક્ત સાહસ ઈન્ડો–રશિયન પ્રાઈવેટ લિમિટેડ ભારત સરકારની 'મેડ ઈન ઈન્ડિયા' પહેલને અનુરૂપ ભારતમાં AK 203 રાઈફલના ઉત્પાદનનું 100% સ્થાનીકીકરણ સુનિશ્ચિત કરવાની યોજના ધરાવે છે.

## AK - 203 Assault Rifleની વિશેષતા

AK-203 Assault Rifle એ રશિયાની Kalashnikov Assault Rifle સિરીઝની સૌથી લેટેસ્ટ રાઈફલ છે.

- AK 203 Assault Rifleને AK-47 Rifleની નવીનતમ અને સૌથી અદ્યતન આવૃત્તિ માનવામાં આવે છે.
- તે AK-100 રાઈફલ ક્લાસનું 7.62×39mm વર્ઝન છે.
- આ વર્ઝન ઈન્ડિયન સ્મોલ આર્મ્સ સિસ્ટમ (INSAS) 5.56×45mm એસોલ્ટ રાઈફલને બદલે તેવી અપેક્ષા છે. જેનો ઉપયોગ હાલમાં આર્મી, નેવી અને એરફોર્સ ઉપરાંત અન્ય સુરક્ષા દળો દ્વારા કરવામાં આવે છે.
- આ રાઈફલનું વજન 3.8 કિલો હશે આથી તેના ઉપયોગમાં સરળતા રહેશે.
- તેમની ફાઈરિંગ રેન્જ 800 મીટર જેટલી છે તથા પર મિનિટ 700 રાઉન્ડ ફાયર કરી શકે છે.

નોંધ : (1) આ સિરીઝના અગાઉના મોડલમાં AK-47, AK-74, AK-56, AK-100ની સિરીઝ, AK 201 અને AK-202નો સમાવેશ થાય છે.

(2) 3 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતે AK 203 Assault Rifleના કારખાનાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.



1. તાજેતરમાં કોલ્લમ (Kollam) જિલ્લો દેશનો પ્રથમ બંધારણ અથવા સંવિધાન સાક્ષર જિલ્લો બન્યો છે. આ જિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) કેરળ (D) કર્ણાટક **(C)**

2. તાજેતરમાં IPS અધિકારી શ્રી પંકજ કુમાર સિંહને નીચેનામાંથી કયા પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (B) નીતિ આયોગના ઉપાધ્યક્ષ

(C) ભારતીય વાયુસેનાના નાયબ અધ્યક્ષ (D) દિલ્હી પોલીસના મુખ્ય કમિશ્નર **(A)**

3. ઉત્તરપ્રદેશના અમેઠીના એક કારખાનામાં કઈ Assault Rifleનું પ્રોડક્શન કરવામાં આવી રહ્યું છે ?

(A) AK-101 (B) AK-103 (C) AK-201 (D) AK-203 **(D)**

4. ભારતમાં કયા દેશના સહયોગથી AK-203 Assault Rifleનું પ્રોડક્શન કરવામાં આવી રહ્યું છે ?

(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) રશિયા (D) ઈઝરાયેલ **(C)**

5. AK-203 એ રશિયાની કઈ રાઈફલ સીરિઝની સૌથી લેટેસ્ટ રાઈફલ છે ?

(A) Nikonov Assault Rifle (B) Mosin Assault Rifle

(C) Magnym Assault Rifle (D) Kalashnikov Assault Rifle **(D)**

6. ભારતમાં ઉત્તરપ્રદેશના અમેઠીમાં AK-203 રાઈફલના પ્રોડક્શન માટે ભારત–રશિયા વચ્ચે કયા જોઈન્ટ વેન્ચરની રચના કરવામાં આવી છે ?

(A) Indo - Russia Rifles Pvt Ltd (B) Indo - Russia AK-203 Pvt Ltd

(C) Indo - Russia Assault Pvt Ltd (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વરુણ 2023 : ભારત અને ફ્રાન્સ વચ્ચેની દ્વિપક્ષીય નૌકા કવાયત



તાજેતરમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે દ્વિપક્ષીય નૌસેના કવાયત 'વરુણ 2023' યોજાઈ હતી.

- આ કવાયતનું આયોજન 16 જાન્યુઆરી થી 20 જાન્યુઆરી દરમિયાન પશ્ચિમી દરિયા કિનારે થયું હતું.
- ભારત અને ફ્રાન્સ વચ્ચેની નૌસેના કવાયત 'વરુણ 2023' એ 21મી આવૃત્તિ હતી.
- દ્વિપક્ષીય કવાયત જે વર્ષ 1993માં શરૂ કરવામાં આવી હતી. તેને વર્ષ 2001માં 'વરુણ' નામ આપવામાં આવ્યું હતું. અને તે ભારત અને ફ્રાન્સના વ્યૂહાત્મક દ્વિપક્ષીય સંબંધોનું નિર્ણાયક લક્ષણ બની ગયું છે.
- આ આવૃત્તિમાં ભારતીય નૌકાદળના સ્વદેશી માર્ગદર્શિત મિસાઈલ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર INS ચેન્નાઈ, ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ INS Teg, મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ P-8I અને ડોર્નિયર, હેલિકોપ્ટર અને Mig29K ફાઈટર એરક્રાફ્ટની ભાગીદારી જોવા મળી હતી.
- વરુણ કવાયત અથવા અભ્યાસ ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવામાં અને બંને નૌકાદળ વચ્ચે સમજણ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- આ કવાયત ભારતીય નૌકાદળને ફ્રેન્ચ નૌકાદળની અદ્યતન ક્ષમતાઓ ટેક્નોલોજીઓમાંથી શીખવા અને તેની દરિયાઈ ક્ષમતાઓને સુધારવા માટે પણ સક્ષમ બનાવે છે.

## વુમનિયા ઓન Gem પહેલ

ગવર્નમેન્ટ ઈ માર્કેટપ્લેસ (Gem)એ મહિલા ઉદ્યોગસાહસિકો અને મહિલા સ્વ-સહાય જુથો (WSHGS)ને તેમના ઉત્પાદનો વેચવા માટે સશક્ત કરવા 'વુમનિયા ઓન Gem' નામની નવી પહેલ શરૂ કરી છે.

- પહેલનો ઉદ્દેશ્ય લિંગ-સમાવિષ્ટ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા મહિલા સાહસિકતા વિકસાવવાનો છે.
- તે મહિલા ઉદ્યોગ સાહસિકો માટે અતિ-સ્થાનિક આર્થિક તકોને પ્રોત્સાહન આપશે અને સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 5ના લક્ષ્યો અને ઉદ્દેશ્યને પૂર્ણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વુમનિયા પહેલ ખાસ કરીને નોંધપાત્ર છે કારણ કે 80% મહિલાઓની માલિકીની સંસ્થાઓ સ્વદીરાણ વાળી છે.

નોંધ :(1) Gemના સીઈઓ એસ.રાધા ચૌહાણ છે. Gem એ 100% સરકારી માલિકીની કંપની છે.

(2) વુમનિયા પહેલ વર્ષ 2019માં શરૂ કરવામાં આવી હતી.

## અમેરિકા અને શ્રીલંકા MAREX-2023 કવાયતનું આયોજન કરશે.

અમેરિકા અને શ્રીલંકા ટૂંક સમયમાં આપત્તિ રાહતની તૈયારી કરવા અને વ્યૂહાત્મક ક્ષેત્રમાં ચીનની વધતી સૈન્ય કવાયતો વચ્ચે મુક્ત અને ખુલ્લું ઈન્ડો–પેસિફિક જાળવવા માટે એક અઠવાડિયા સુધી લાંબી સંયુક્ત લશ્કરી કવાયત હાથ ધરવા માટે તૈયાર છે.

- કોઓપરેશન અફલોટ રેડીનેસ એન્ડ ટ્રેનિંગ (CARAT) અથવા મરીન એક્સરસાઈઝ (MAREX) 2023 નામની આ કવાયતમાં શ્રીલંકા નેવી, શ્રીલંકા એરફોર્સ, જાપાન મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ અને માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સના સહભાગીઓ સામેલ થશે.

### CARAT/MAREX કવાયત શું છે ?

Co-operation Afloat readiness and Training (એક્સરસાઈઝ CARAT) એ યુએસ પેસિફિક ફ્લીટ દ્વારા દક્ષિણ પૂર્વ એશિયામાં ASEAN સભ્ય દેશો સાથે આયોજિત વાર્ષિક કવાયત છે.

- આ કવાયત પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપવા, મિત્રતા અને અન્ય સૈન્ય કૌશલ્યને મજબૂત કરવા માટે બનાવવામાં આવી છે.
- હાલમાં નવ રાષ્ટ્રો આ કવાયતમાં ભાગ લે છે : બાંગ્લાદેશ, બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર, શ્રીલંકા અને થાઈલેન્ડ છે.

## શ્રી શુભમન ગિલ વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ભારતનો યંગેસ્ટ પ્લેયર બન્યો



તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર શ્રી શુભમન ગિલે હૈદરાબાદમાં ન્યૂઝીલેન્ડ સામેની વન–ડે મેચમાં 208 રન ફટકાર્યા હતા.

- આ સાથે શ્રી શુભમન ગિલ વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર સૌથી યુવા બેટ્સમેન બન્યો છે.
- આ સાથે તે વન–ડેમાં ફાસ્ટેટ એક હજાર રન પૂરા કરનાર ભારતનો પ્રથમ તથા વિશ્વનો બીજો બેટ્સમેન બની ગયો છે.

## વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ખેલાડીઓ

| ક્રમ | નામ | રન | કેટલા બોલમાં | દેશ |
|---|---|---|---|---|
| 1 | શ્રી રોહિત શર્મા | 264 | 173 | ભારત |
| 2 | શ્રી માર્ટિન ગુપ્ટિલ | 237 | 163 | ન્યૂઝિલેન્ડ |
| 3 | શ્રી વિરેન્દ્ર સેહવાગ | 219 | 149 | ભારત |
| 4 | શ્રી ક્રિસ ગેલ | 215 | 147 | વેસ્ટ ઈન્ડિઝ |
| 5 | શ્રી ફખર ઝમાન | 210 | 156 | પાકિસ્તાન |
| 6 | શ્રી ઈશાન કિશન | 210 | 131 | ભારત |
| 7 | શ્રી રોહિત શર્મા | 209 | 158 | ભારત |
| 8 | શ્રી રોહિત શર્મા | 208 | 153 | ભારત |
| 9 | શ્રી શુભમન ગિલ | 208 | 149 | ભારત |
| 10 | શ્રી સચિન તેંડુલકર | 200 | 147 | ભારત |

**નોંધ:** (1) વન–ડે ક્રિકેટમાં સૌપ્રથમ સદી નોંધાવનાર શ્રી સચિન તેંડુલકર હતા. તેમણે વર્ષ 2010માં સાઉથ આફ્રિકા સામે 200 રન ફટકાર્યા હતા. (ICC આંકડા મુજબ)

(2) વન–ડે ક્રિકેટમાં એક મેચમાં સૌથી વધુ રન ફટકારનાર ખેલાડી શ્રી રોહિત શર્મા છે. તેમણે શ્રીલંકા સામે 2014માં 264 રન ફટકાર્યા હતા.

(3) શ્રી સચિન તેંડુલકર ICC વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર પ્રથમ ખેલાડી હતા જ્યારે વિમેન્સમાં વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ઓસ્ટ્રેલિયાના ખેલાડી સુશ્રી બેલિન્ડા ક્લાર્ક (229 રન) હતા.



1. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે ‘વરુણ 2023’ નામની દ્વિપક્ષીય નૌસેના કવાયત યોજાઈ હતી ?

(A) ફ્રાન્સ (B) મલેશિયા (C) બ્રુનેઈ (D) ઈન્ડોનેશિયા

(A)

2. તાજેતરમાં _____ એ મહિલા ઉદ્યોગસાહસિકો અને મહિલા સ્વ–સહાય જૂથો (WSHGS)ને તેના ઉત્પાદનો વેચવા માટે સશક્ત કરવા ‘વુમનિયા ઓન Gem’ નામની નવી પહેલ શરૂ કરી છે.

(A) DeGS કોમ્પ્યૂટર બેઝિક ટ્રેનિંગ, ઝારખંડ

(B) ગવર્નમેન્ટ ઈ માર્કેટપ્લેસ (Gem)

(C) ટ્રાન્સપોર્ટ મિશન મોડ પ્રોજેક્ટ (e Transport)

(D) ગવર્નમેન્ટ ઈ–આબકારી

(B)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં અમેરિકાએ નીચેના પૈકી કયા દેશ સાથે 'MAREX-2023' કવાયતનું આયોજન કર્યુ છે ?

(A) શ્રીલંકા (B) યુએઈ (C) યુકે (D) કેનેડા

(A)

4. તાજેતરમાં કયો ભારતીય ક્રિકેટર વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર સૌથી યંગેસ્ટ પ્લેયર બન્યો છે ?

(A) શ્રી પૃથ્વી શો (B) શ્રી શુભમન ગિલ (C) શ્રી કે.એલ. રાહુલ (D) શ્રી દિપક હુડા

(B)


5. વન–ડે ક્રિકેટમાં સૌપ્રથમ બેવડી સદી કયા ક્રિકેટરે નોંધાવી હતી ?

(A) શ્રી રિકી પોન્ટિંગ (B) શ્રી બ્રાયન લારા (C) શ્રી સ. જયસુર્યા (D) શ્રી સચિન તેંડુલકર

(D)

## દિવસ મહિમા : 21 જાન્યુઆરી, મણિપુર, મેઘાલય અને ત્રિપુરા સ્થાપના દિવસ

## ભારત - માલદીવ



તાજેતરમાં ભારત અને માલદીવે માલદીવમાં વિકાસ પરિયોજનાઓના એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- નોંધનીય છે કે માલદીવ અને શ્રીલંકા બંને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના મુખ્ય દરિયાઈ પાડોશીઓ છે.
- જે વડાપ્રધાનશ્રીના 'SAGAR'(પ્રદેશમાં તમામ માટે સુરક્ષા અને વિકાસ) અને 'નેબરહુડ ફર્સ્ટ' ના વિઝનમાં અગ્રણી સ્થાન ધરાવે છે.

### કરારો વિશે

### ગ્રાન્ટ ઈન એઈડ અથવા ગ્રાન્ટ સહાય

તેમાં હાઈ ઈમ્પેક્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (HICDP) માટે 100 મિલિયન રૂફિયા/Rufiyaa (માલદીવનું ચલણ)ની ગ્રાન્ટ સહાયનો સમાવેશ થાય છે.

- આ ભંડોળ હેઠળ દેશભરમાં અનેક સામાજિક–આર્થિક વિકાસ પ્રોજેક્ટ્સ અમલમાં મુકવાની યોજના ધરાવે છે.

### રમતગમત સંકુલ અને શૈક્ષણિક સહકાર

તેમાં ગહાધુ ખાતે રમતગમત અને સંકુલનો વિકાસ તથા માલદીવ નેશનલ યુનિવર્સિટી અને કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વચ્ચે શૈક્ષણિક સહયોગનો પણ સમાવેશ થાય છે.

### માલદીવ સાથે ભારતના સંબંધો

ભારત માલદીવિયન નેશનલ ડિફેન્સ ફોર્સ (MNDF) માટે સૌથી વધુ તાલીમ ક્ષમતા પ્રદાન કરે છે, જે આ ક્ષેત્રમાં તેની 70%થી વધુ જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

- સંરક્ષણ સહયોગ સંયુક્ત કવાયતોના ક્ષેત્રો જેમ કે 'એકુવેરીન', દોસ્તી, એકથા અને ઓપરેશન શીલ્ડ સુધી વિસ્તરે છે.
- અગાઉ Addu રિક્લેમેશન અને કોસ્ટ પ્રોટેક્શન પ્રોજેક્ટ માટે 80 મિલિયન US ડોલરના એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **Addu (અડ્ડુ)માં ભારતીય સહાયથી ડ્રગ ડિટ્રોક્સિફિકેશન અને રિહોબિલિટેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.**
- **આ કેન્દ્ર આરોગ્ય, શિક્ષણ, મત્સ્યઉદ્યોગ, પ્રવાસન, રમતગમત અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રોમાં ભારત દ્વારા અમલમાં મુકવામાં આવી રહેલા 20 ઉચ્ચ–અસરકારક સમુદાય વિકાસ પ્રોજેક્ટ્સમાંનું એક છે.**
- **પર્યટન એ માલદીવની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર છે.**
- **માલદીવ દેશ હવે ભારતીયો માટે એક મુખ્ય પ્રવાસન સ્થળ છે, જ્યારે અન્ય લોકો માટે રોજગારનું સ્ત્રોત છે.**
- **ઓગસ્ટ 2021માં ભારતીય કંપની Afconsએ માલદીવમાં અત્યાર સુધીના સૌથી મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ, ગ્રેટર મેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ (GMCP) માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.**
- **22 જુલાઈ, 2019ના રોજ RBI અને માલદીવ મોનેટરી ઓથોરિટી વચ્ચે દ્વિપક્ષીય યુએસ ડોલર કરન્સી સ્વેપ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.**
- **'નેશનલ કોલેજ ફોર પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટ (NCPLE) એ માલદીવમાં ભારત દ્વારા ચલાવવામાં આવેલો સૌથી મોટો ગ્રાન્ટ પ્રોજેક્ટ છે.**

## માલદીવ

**ભારતીય ઉપખંડની દક્ષિણ પશ્ચિમે હિંદ મહાસાગરમાં ભારતના દક્ષિણ તટથી લગભગ 400 કિમી દૂર આવેલું માલદીવ 1100 કરતા વધુ દ્વીપોનો સમૂહ છે.**

- **માલદીવ વસતી અને વિસ્તાર એમ બંને દષ્ટિએ એશિયાનો સૌથી નાનો દેશ છે.**
- **માલદીવની રાજધાની માલે છે.**
- **તેનું ચલણ માલદીવીયન રૂફિયા છે.**




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1. 21 જાન્યુઆરી કેટલા રાજ્યોનો સ્થાપના દિવસ છે ?**

**(A) 3** **(B) 5** **(C) 6** **(D) 7** **(A)**

**2. 21 જાન્યુઆરી કયા કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?**

**(A) મેઘાલય, ઝારખંડ, ઓડિશા** **(B) અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ**

**(C) મણિપુર, મેઘાલય, ત્રિપુરા** **(D) મણિપુર, આસામ અરુણાચલ પ્રદેશ** **(C)**

**3. તાજેતરમાં ભારત અને માલદીવ વચ્ચે માલદીવમાં વિકાસ પરિયોજનાઓ પર એક કરાર પર હસ્તાક્ષર થયા હતા. આ કરાર વિશે નિચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1. તેમાં હાઈ ઈમ્પેક્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (HICDP) માટે 100 મિલિયન રૂફિયા/ Rufiyaaનો સમાવેશ થાય છે.**

**2. તેમાં ગહાધુ અથવા ગહધુ ખાતે રમતગમત અને સંકુલનો વિકાસ તથા માલદીવ નેશનલ યુનિવર્સિટી અને કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વચ્ચે શૈક્ષણિક સહયોગનો પણ સમાવેશ થાય છે.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો**

**(A) ફક્ત 1** **(B) ફક્ત 2** **(C) 1 અને 2 બંને** **(D) એકપણ નહીં** **(C)**




અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **સ્કીમ ઓફ એવોર્ડ ટુ ધી ગુડ સમરીટન**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વ્યવહાર તથા ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત રોડ સેફટી ઓથોરિટીની વેબસાઈટ ગાંધીનગરથી લોન્ચ કરી હતી. તથા તેમણે રાજ્યમાં માર્ગ અકમાસ્તમાં ઈજાગ્રસ્ત વ્યક્તિઓનો જીવ બચાવવા માટેની 'સ્કીમ ઓફ એવોર્ડ ટુ ધી ગુડ સમરીટન' રિલોન્ચ કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોડ સેફટી–માર્ગ સુરક્ષા માટે આપેલા કન્સેપ્ટ '4E-એન્ફોર્સમેન્ટ ઓફ લો, એન્જિનિયરિંગ ઓફ રોડ, ઈમરજન્સી કેર અને એજ્યુકેશન'નું પાલન કરવું જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે રોડ એક્સિડન્ટની ઘટનામાં પ્રથમ એક કલાક–ગોલ્ડન અવર ખૂબ જ અગત્યનો છે. શ્રી હર્ષભાઈ સંઘવિએ જણાવ્યું હતું કે આજે પણ લોકોમાં એવી ગેરસમજ છે કે રોડ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને હોસ્પિટલ પહોંચાડશો તો તેમની ઉપર કોઈ કેસ કે કાર્યવાહી થશે. આથી લોકોની આ માનસિકતાને દૂર કરવા માટે જ ગુડ સમરીટન એવોર્ડની શરૂઆત કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **દાંડીથી દિલ્હી સુધીની NCC મોટરસાયકલ રેલી**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આત્મનિર્ભર ભારતની સોલ્ટથી સોફ્ટવેર સુધીની યાત્રાના પ્રતિકરૂપે દાંડીથી દિલ્હી સુધીની 1300 કિલોમીટરની જાવા–યેઝ્દી મોટરસાયકલ રેલીમાં ભાગ લઈ રહેલા NCC કેડેટ્સને ગાંધીનગરથી દિલ્હી જવા પ્રસ્થાન કરાવ્યું હતું. NCCની સ્થાપનાના 75માં વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવના NCC નિર્દેશાલય દ્વારા સાબરમતી આશ્રમથી દાંડી સુધીની સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. સાયકલ રેલીના NCC કેડેટ્સ દાંડી પહોંચ્યા હતા, જ્યાં દાંડીથી દિલ્હી સુધીની મોટરસાયકલ રેલીના કેડેટ્સ જોડાયા હતા અને દાંડીમાં NCCના આ યુવાનોએ મીઠું બનાવ્યું હતું. ગુજરાતના ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ ઈન્ફોર્મેટિક્સ–બાયોગેસ દ્વારા NCCનું સોફટવેર તૈયાર કરવામાં આવ્યું છે. હવે આ મિઠુ અને સોફટવેર લઈને 30 કેડેટ્સ મોટરસાયકલ રેલી રૂપે નવી દિલ્હી પહોંચશે અને 28મી જાન્યુઆરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મીઠું (સોલ્ટ) અને સોફટવેર અર્પણ કરશે.

## ભારત

### ➤ RAMP માટે વેબ પોર્ટલ

દેશમાં સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME)ની અમલીકરણ ક્ષમતા અને કવરેજને વધારવાના પ્રયાસરૂપે MSME મંત્રી શ્રી નારાયણ રાણેએ તાજેતરમાં રૂ.6,062.45 કરોડની વિશ્વબેંક દ્વારા સહાયિત કેન્દ્ર સરકારની સ્કીમ 'રાઈઝિંગ એન્ડ એક્સિલરેટિંગ MSME પરફોર્મન્સ' (RAMP) માટે એક વેબ પોર્ટલ લોન્ચ કર્યુ હતું. RAMP સ્કીમ માટે વેબ પોર્ટલની શરૂઆત એ ભારતમાં MSME કે જે કોવિડ-19 મહામારીથી પ્રભાવિત થયા છે તેમની જરૂરી સહાય પૂરી પાડવાની દિશામાં એક પગલું છે. આ યોજના જે વિશ્વ બેન્ક અને ભારત સરકાર બંને દ્વારા સમર્થિત છે, તેનો હેતુ સંસ્થાકીય અને નીતિ સુધારણા, સંશોધન અભ્યાસ અને ટેક્નોલોજી અપગ્રેડેશનને ટેકો આપીને દેશમાં MSMEની કામગીરીમાં સુધારો કરવાનો છે. RAMP સ્કીમનું બજેટ રૂ.6,062.45 કરોડ છે તેને વિશ્વ બેંક દ્વારા જૂન 2021માં મંજૂરી આપવામાં આવી હતી.

### ➤ ગ્લોબલ સાઉથ સેન્ટર ઓફ એક્સેલન્સ



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે ભારત વિકાસશીલ દેશો માટે સંશોધન વિકાસ ઉકેલો માટે 'ગ્લોબલ સાઉથ સેન્ટર ઓફ એક્સલન્સ'ની સ્થાપના કરશે. તેમણે આ દેશોની ચિંતાઓને દૂર કરવા માટે માનવ–કેન્દ્રિત વૈશ્વિકિકરણનું પણ આહવાન કર્યુ હતું. વોઈસ ઓફ ગ્લોબલ સાઉથ વર્ચ્યુઅલ સમિટના સમાપન સત્રમાં તેમની શરૂઆતની ટિપ્પણી દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. આ કેન્દ્ર વિકાસશીલ દેશો માટે સહયોગ કરવા અને એકબીજા પાસેથી શીખવા તેમજ તેમની શ્રેષ્ઠ પ્રથાઓ અને સામાન્ય વિકાસ પડકારોના ઉકેલો શેર કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.

### ➤ સહર્ષ પહેલ : ત્રિપુરા

ત્રિપુરા સરકારે સામાજિક અને ભાવનાત્મક શિક્ષણને પ્રોત્સાહિત કરવાના પ્રયાસરૂપે 'સહર્ષ' નામનો વિશેષ શિક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલ ગયા વર્ષે ઓગસ્ટમાં રાજ્યની 40 શાળાઓમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી હતી. અને જાન્યુઆરી 2023થી તમામ સરકારી અને સહાયિત શાળાઓમાં તેનો અમલ કરવામાં આવશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય બાળકોને આનંદથી શિખવા અને સહાનુભૂતિપૂર્ણ વિકાસમાં યોગદાન આપવા માટે સશક્ત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પરખ (PARAKH)**

તાજેતરમાં NCERTએ તમામ બોર્ડ માટે મૂલ્યાંકન માર્ગદર્શિકા સેટ કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતના પ્રથમ રાષ્ટ્રીય મૂલ્યાંકન નિયમનકાર, PARAKH (પર્ફોમન્સ એપ્રાઈઝલ, રિવ્યુ એન્ડ એનાલિસિસ ઓફ નોલેજ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ)ને સૂચિત કર્યું છે. પરખ (PARAKH) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સહયોગને પ્રોત્સાહિત કરવા અને શાળા બોર્ડને નવી આકારણી પેટર્ન અને નવીનતમ સંશોધન પર સલાહ આપવા માટે માનક–સેટિંગ અભિગમ સાથે સંસ્થાની કલ્પના કરવામાં આવી છે. તે NCERTના એક ભાગ તરીકે કામ કરશે. તેને સમયાંતરે નેશનલ અચીવમેન્ટ સર્વે (NAS) અને સ્ટેટ અચીવમેન્ટ સર્વે જેવી લર્નિંગ પરિણામ કસોટીઓ હાથ ધરવાનું કાર્ય પણ સોંપવામાં આવશે. તે ત્રણ મૂલ્યાંકન ક્ષેત્રો પર કામ કરશે : વ્યાપક મૂલ્યાંકન, શાળા આધારિત મૂલ્યાંકન અને પરીક્ષા સુધારણા.

➤ **CIIએ બિઝનેસ કોન્ફિડન્સ ઈન્ડેક્સ બહાર પાડ્યો**

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)એ અહેવાલ આપ્યો છે કે ઓક્ટોબર–ડિસેમ્બર ક્વાર્ટર માટે નવીનતમ CII બિઝનેસ કોન્ફિડન્સ ઈન્ડેક્સ 67.6ના મૂલ્ય સાથે લગભગ બે વર્ષમાં તેના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે. આ અગાઉના ક્વાર્ટરમાં 62.2નો વધારો થયો છે, જે વૈશ્વિક અનિશ્ચિતતાઓમાં વધારો થવા છતા ભારતની સ્થિતિ પ્રત્યે આશાવાદ દર્શાવે છે. ઈન્ડેક્સ દેશના તમામ ઉદ્યોગ ક્ષેત્રો અને પ્રદેશોમાં વિવિધ કદની 120થી વધુ કંપનીઓના સર્વેક્ષણના તારણો પર આધારિત છે. સર્વેક્ષણના મોટાભાગના ઉત્તરદાતા (70 ટકા) માને છે કે ભારતીય અર્થવ્યવસ્થા માર્ચમાં પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષમાં 6.5 ટકાથી 7.5 ટકાની રેન્જમાં વૃદ્ધિ પામશે. જે અગાઉના નાણાકીય વર્ષમાં 8.7 ટકા હતી.

➤ **IL - 38 એરક્રાફ્ટ**



ભારતીય નૌકાદળનું IL-38 એરક્રાફ્ટ 74માં ગણતંત્ર દિવસની ઉજવણીમાં પ્રથમ વખત અને કદાચ છેલ્લી વખત ફરજ પર ભાગ લેશે. તે ભારતીય વાયુસેનાના 9 રાફેલ સહિત 50 વિમાનોમાંથી એક હશે, જે ઈવેન્ટનો ભાગ હશે. IL-38 એ એક મેરીટાઈમ રિકોનિસન્સ એરક્રાફ્ટ છે જે વર્ષ 1977માં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું. અને લગભગ 44 વર્ષની તેની સર્વિસ લાઈફ દરમિયાન તે એક પ્રચંડ હવાઈ સંપત્તિ રહ્યું હતું. IL-38 એક બહુ–રોલ એરક્રાફ્ટ છે જે તમામ હવામાનમાં ઓપરેશન ક્ષમતા ધરાવે છે. તે લગભગ 10,000 કલાકની ઓપરેશનલ ફ્લાઈટ ક્ષમતા ધરાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારત - ફ્રાન્સ ખગોળ વિજ્ઞાન કેન્દ્રિત બેઠક**



ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં વ્યાપક લાંબા ગાળાની ભાગીદારી સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે 'સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)/મોનાકિયા સ્પેક્ટ્રોસ્કોપિક એક્સપ્લોરર (MSE) અને મલ્ટીવેવેલન્થ સિનર્જી' પર તાજેતરમાં ભારત–ફ્રાન્સ ફોકસ મીટિંગમાં એસ્ટ્રોનોમી વિઝન અને મેગા પ્રોજેક્ટ્સ મલ્ટિવેવેલન્થ સિનર્જી સાયન્સ વિષય પર ચર્ચા કરી હતી. સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે ઈન્ડો–ફ્રેન્ચ સેન્ટર ફોર ધ પ્રમોશન ઓફ એડવાન્સ રિસર્ચ (IFCPAR) દ્વારા બેંગ્લોરમાં IIAએ કેમ્પસમાં 9-13 જાન્યુઆરી દરમિયાન આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, ભારત સરકાર અને યુરોપ અને વિદેશી બાબતોના મંત્રાલય, CNRS, ફ્રાન્સ સરકાર દ્વારા સમર્થિત સંસ્થા છે. બેઠકનો હેતુ ખગોળશાસ્ત્રમાં સહયોગી પ્રોજેક્ટની ચર્ચા કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારત પ્રવાહ (Bharat Pravah)**




તાજેતરમાં બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોની શ્રેણી દ્વારા નદીઓ, બંદરો અને રોજિંદા જીવનમાં નેવિગેશનના મહત્વ અને કલ્પનાને પ્રકાશિત કરવા માટે 'ભારત પ્રવાહ – ભારત તેના કિનારે' (Bharat Pravah - India along its shores) પહેલ શરૂ કરી છે. ભારત પ્રવાહ શિપિંગ, નદીઓ, સમુદ્રો અને લોકોનો વ્યાપક દષ્ટિકોણ વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ ક્ષેત્રોના હિસ્સેદારોને એક સાથે લાવવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.તે દરિયાઈ ક્ષેત્રને લગતા પડકારો, નીતિ વિષયક મુદ્દાઓ અને ભવિષ્યના લક્ષ્યોને પ્રકાશિત કરશે. સરકાર ઈચ્છે છે કે તમામ બંદરો વર્ષ 2047 સુધીમાં મેગાપોર્ટ બનવાનો માસ્ટર પ્લાન તૈયાર કરે. હાલમાં ભારતના 75% ટ્રાન્સશિપમેન્ટ કાર્ગો ભારતની બહારના બંદરો પર વહન કરવામાં આવે છે. મંત્રાલયના આંકડા અનુસાર કોલંબો, સિંગાપોર અને કલાંગોના બંદરો આ કાર્ગોના 85% કરતા વધુ હેન્ડલ કરે છે. ટ્રાન્સશિપમેન્ટ હબ એવા બંદરો છે જે મૂળ અને ગંતવ્ય બંદરો વચ્ચેની કડીઓ ધરાવે છે.

➤ **સૈન્ય રણક્ષેત્રમ 2.0 (મિલિટરી બેટલ ફિલ્ડ 2.0)**

ભારતીય સેનાના આર્મી ટ્રેનિંગ કમાન્ડ (HQ Training Command) દ્વારા ઓક્ટોબર 2022થી જાન્યુઆરી 2023 દરમિયાન ‘સૈન્ય રણક્ષેત્રમ 2.0’ અથવા મિલિટરી બેટલ ફિલ્ડ 2.0’ નામની હેકાથોનની બીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો હેતુ ઓપરેશનલ સાયબર પડકારોને સંબોધવાનો, સાયબર સુરક્ષા ક્ષેત્રમાં નવીન ઉકેલોની ઝડપી જમાવટને સક્ષમ કરવાનો અને વિકાસ માટેનો સમય ઘટાડવાનો છે. તે સાયબર ડિટરન્સ, સિક્યુરિટી સોફ્ટવેર કોડિંગ, ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ ઓપરેશન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ/મશીન લર્નિંગના ક્ષેત્રોમાં પ્રશિક્ષણ ધોરણોને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે. તમામ ભારતીય નાગરિકો તેમાં વ્યક્તિગત અથવા એક ટીમ તરીકે ભાગ લઈ શકે છે.

## વિશ્વ

➤ **વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક**



વર્લ્ડ ઈકોનોમિક ફોરમની 53મી બેઠક 16 જાન્યુઆરીથી સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં યોજાઈ રહી છે. આ બેઠક 20 જાન્યુઆરી સુધી ચાલશે. આ વર્ષની બેઠકની થીમ 'Cooperation in a Fragmented World' છે. આ અંતર્ગત શિક્ષણવિદ્દો, રોકાણકારો, રાજકીય અને વેપારી નેતાઓ દ્વારા વિશ્વ સમક્ષના પડકારો અંગે ચર્ચા કરવામાં આવશે. મુખ્ય વિષયોમાં રશિયા–યુક્રેન કટોકટી, વૈશ્વિક ફુગાવો અને આબોહવા પરિવર્તન તેમજ વર્તમાન વૈશ્વિક આર્થિક પરિસ્થિતિનો સમાવેશ થશે.






1. સ્વદેશ દર્શન 2.0 યોજના હેઠળ પસંદ પામેલ 'કુમારકોમ અને બેપોર' કયા રાજ્યમાં સ્થિત છે ? – કેરળ

2. AB PM - JAY હેઠળ હોસ્પિટલની કામગીરીને માપવા અને ગ્રેડ કરવા માટે કઈ સંસ્થાએ નવી સિસ્ટમ શરૂ કરી છે ? – NHA

3. અયન્નુર અમ્માનૂર તહેવાર એ નીલગીરીઓની _____ દ્વારા ઉજવવામાં આવતો તહેવાર છે. – કોટા જાતિ
(કોટા આદિજાતી એ ભારતના તમિલનાડુ રાજ્યની નીલગીરી પહાડીઓમાં રહેતી એક જાતિ છે. તેમને 'કોવ' અને 'કોતર' પણ કહેવામાં આવે છે.)

4. તાજેતરમાં બટરફલાય (પતંગિયા) નિરીક્ષકો અને સંશોધકોની ટીમે કેરળના કન્નુરમાં એક દુર્લભ બટરફલાય પ્રજાતિ _____ ની શોધ કરી છે. – વ્હાઈટ ટફ્ટેડ રોયલ બટરફલાય

5. તાજેતરમાં ભારતના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી અને યુએસ વેપાર પ્રતિનિધિ રાજદૂતે વોશિંગ્ટન ડિસીમાં 'ભારત–યુએસ ટ્રેડ પોલિસી ફોરમ' (TPF)ની _____ મી મંત્રી સ્તરીય બેઠકની સહઅધ્યક્ષતા કરી હતી. – 13મી

6. તાજેતરમાં ઉત્તરાખંડ રાજ્યએ જાહેર સેવાઓ અને પોસ્ટ્સમાં રાજ્યના નિવાસી મહિલા નાગરિકો માટે _____ % ક્ષૈતિજ અનામત પ્રદાન કરતા બિલને મંજૂરી આપી છે. – 30%

7. 'Year of Enterprises' પ્રોજેક્ટ ભારતના કયા રાજ્યની મુખ્ય યોજના છે ? – કેરળ

8. ક્લોરોફ્લોરોકાર્બન્સ (CFCs) પર પ્રતિબંધ મૂકવા માટે 1987માં હસ્તાક્ષર કરાયેલ આંતરરાષ્ટ્રીય કરારનું નામ શું છે ? – મોન્ટ્રિયલ પ્રોટોકોલ
(યુએનના તાજેતરના અહેવાલ મુજબ મોન્ટ્રિયલ પ્રોટોકોલ, હાનિકારક રસાયણોના ઉપયોગને રોકવા માટે 1987માં હસ્તાક્ષર કરાયેલ આંતરરાષ્ટ્રીય કરાર સફળ રહ્યો છે.)

9. વિશ્વ બેંકના ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર, 2023-24માં ભારતની અપેક્ષિત આર્થિક વૃદ્ધિ શું છે ? – 6.6%

10. FSSAIએ દેશમાં પ્રથમ વખત _____ ચોખાની ઓળખ માટે વ્યાપક ધોરણો નિર્દિષ્ટ કર્યા છે, જે 1 ઓગસ્ટ, 2023થી અમલમાં આવશે. – બાસમતી

11. માર્ચ 2023 સુધીમાં _____ માં ઓનલાઈન ગેમિંગમાં ભારતનું પ્રથમ સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવામાં આવશે. – શિલોંગ

12. રાજદ્વારીઓની તાલીમમાં સહકાર વધારવા માટે ભારતે કયા દેશ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – પનામા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. નવી એકીકૃત ખાદ્ય સુરક્ષા યોજનાનું નવું નામ શું છે ? – પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

14. એશિયન વોટરબર્ડ સેન્સસ (AWC) 2023 અનુસાર કેટલાક સ્થળાંતર કરનારા જળપક્ષીઓની વસતીમાં ઘટાડો થયો છે. ખાસ કરીને _____ રાજ્યની અલપ્પુઝા ક્ષેત્રમાં મૂલાકાત લેનાર બતકની પ્રજાતીઓની. – કેરળ

15. ‘સોલ ઓફ સ્ટીલ’ ચેલેન્જ 14 જાન્યુઆરીએ ............... માં શરૂ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય ઊંચાઈ પર વ્યક્તિની સહનશક્તિની કસોટી કરવાનો છે. આ અભિયાનનો સામાન્ય વિસ્તાર નંદા દેવી રાષ્ટ્રીય ઉદ્યાન હશે. – ઉત્તરાખંડ

16. તાજેતરમાં કયા દેશમાં 72 પ્રવાસીઓ સાથેનું પ્લેન ક્રેશ થતા 68 લોકોના મૃત્યુ થયા હતા ? – નેપાળ

17. તાજેતરમાં ભારતીય મૂળના _____ એ હેરિસ કાઉન્ટીના ન્યાયાધીશ તરીકેના શપથ ગ્રહણ કર્યા હતા. આ સાથે તેઓ અમેરિકાના પ્રથમ મહિલા શિખ ન્યાયાધીશ બન્યા છે. – સુશ્રી મનપ્રીત મોનિકાસિંહ

18. _____ દિવસના રોજ ભારતીય હવામાન વિભાગનો 148મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. – 15 જાન્યુઆરી, 2023

(આ દિવસ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા ઉજવવામાં આવે છે. ભારતીય હવામાન વિભાગની સ્થાપના વર્ષ 1875માં કરવામાં આવી હતી. તેનું મુખ્યમથક નવી દિલ્હીમાં સ્થિત છે.)

19. તાજેતરમાં કોણે વૈશ્વિક જોખમ રિપોર્ટ 2023 બહાર પાડ્યો છે ? – WEF (વર્લ્ડ ઈકોનોમિક ફોરમ)

20. તાજેતરમાં મધ્યપ્રદેશનો _____ જિલ્લો 5G ટેક્નોલોજીનો અમલ કરનાર પ્રથમ મહત્વાકાંક્ષી/આકાંક્ષી જિલ્લો બન્યો છે. – વિદિશા

21. કયા રાજ્યએ ‘શેર્ડ સ્કૂલ બસ સિસ્ટમ’ અને એગ્રીકલ્ચર રિસ્પોનસ વ્હીકલ યોજના શરૂ કરી છે ? – મેઘાલય

22. કઈ સંસ્થાએ ‘ડાયેટરી સપ્લીમેન્ટ્સ’ પર સર્વેક્ષણ બહાર પાડ્યું છે ? – FSSAI

23. 'Revolutionaries - The Other Story of How India Won Its Freedom' પુસ્તકના લેખક કોણ છે ? – સંજીવ સાન્યાલ

24. જાપાન સાથે પારસ્પરિક એક્સેસ કરાર પર હસ્તાક્ષર કરનાર પ્રથમ યુરોપિયન દેશ કયો છે ? – યુકે

25. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘પાઈનેપલ એક્સપ્રેસ’ ઘટના કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – હવામાન શાસ્ત્ર

26. કઈ સંસ્થાએ ‘ગ્રામીણ સ્વાસ્થ્ય સાંખ્યાકી રિપોર્ટ’ અથવા ‘રૂરલ હેલ્થ સ્ટેટિસ્ટિક્સ રિપોર્ટ’ બહાર પાડ્યો છે ? – આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

27. કિસાન પુષ્પક યોજના હેઠળ કઈ જાહેર ક્ષેત્રની બેંકે 'ગરૂડ એરોસ્પેસ' સાથે ભાગીદારી કરી છે ? – યુનિયન બેંક ઓફ ઈન્ડિયા

28. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'સ્થળાંતરિત લઘુમતી'નો દરજ્જો આપવાનું સૂચન કર્યુ છે ? – દિલ્હી

29. તાજેતરમાં SPIC Macayએ સંસ્કૃતિ મંત્રાલય અને દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલના સહયોગથી _____ નામની તેની ખૂબ જ લોકપ્રિય 'મ્યુઝિક ઈન ધ પાર્ક' શ્રેણીનું આયોજન કર્યુ હતું. – શ્રુતિ અમૃત

30. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવનગરમાં આયોજિત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશના _____ માં અધિવેશનનો પ્રારંભ કરાવ્યો હતો. – 54

31. તાજેતરમાં કયા દેશે સ્પેનિશ સુપર કપ ફૂટબોલ ટુર્નામેન્ટનું ટાઈટલ જીત્યું છે ? – બાર્સેલોના

32. તાજેતરમાં ચર્ચામાં રહેલ એટલીન જળવિદ્યુત પ્રોજેક્ટ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – અરુણાચલ પ્રદેશ

33. _____ એ તાજેતરમાં જળચર ઈકોસિસ્ટમમાં અંતઃસ્ત્રાવી વિક્ષેપિત રસાયણો (EDC)ની શોધ માટે બાયોસેન્સિંગ સિસ્ટમ માટેની તકનીક શરૂ કરી છે. – Meity (ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય)
(જળ સંસ્થાઓમાં EDC સામગ્રીના ગુણાત્મક અને જથ્થાત્મક વિશ્લેષણ માટે ICAR-CIFRIના સહયોગથી C-DAC કોલકાતા દ્વારા ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે.)

34. તાજેતરમાં Meity (ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય) દ્વારા એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ માટેની ટેક્નોલોજી _____ લોન્ચ કરી છે. – AI-AQMS V1.0
(C-DAC, કોલકાતાએ પર્યાવરણીય પ્રદૂષકો પર દેખરેખ રાખવા માટે આઉટડોર એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન વિકસાવ્યું છે તેમાં PM1.0, PM2.5, PM10.0, SO2, NO2, CO, 02, આજુબાજુનું તાપમાન, સાપેક્ષ ભેજ વગેરે જેવા પરિમાણોનો પર્યાવરણના સતત હવાની ગુણવત્તાના વિશ્લેષણ માટે સમાવેશ થાય છે.)

35. ભારતનું પ્રથમ 3X પ્લેટફોર્મ વિન્ડ ટર્બાઈન જનરેટર (WTG) કયા રાજ્યમાં સ્થાપિત કરવામાં આવ્યું છે ? – કર્ણાટક

36. તાજેતરમાં સમાચારોમાં આવેલી બક્ષવાહા ખાણ કયા રાજ્યમાં આવેલી છે ? – મધ્યપ્રદેશ

37. કઈ સંસ્થાઓ 'Survival of the Richest' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – ઓક્સફેમ ઈન્ટરનેશનલ

38. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'સાયબર કોંગ્રેસ પહેલ' શરૂ કરી છે ? – તેલંગાણા

39. FPGA જે તાજેતરમાં સમાચારોમાં હતું તે કયા ઉદ્યોગ સાથે સંકળાયેલું હતું ? – ઈલેક્ટ્રોનિક્સ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રાજકોટના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમમાં ICE દ્વારા

# ભવ્ય સેમિનાર યોજાયો

## મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓનું સન્માન

























રાજકોટના DCP શ્રી પાર્થરાજસિંહ ગોહિલ તથા
રાજકોટ શહેરના મેયર ડો. પ્રદીપ ડવ સાહેબની પ્રેરક ઉપસ્થિતિ



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT